વાર્ષિક લવાજમ રૂ. ૧૦૦/-

# ઘનશ્યામ

૧૦ જાન્યુઆરી, ૨૦૨૬
વર્ષ : ૫૧ ● અંક : ૦૧



200th years celebration

# ॥ शिक्षापत्री ॥

उत्सव

## મંદિરે મંદિરે દ્વિશતાબ્દી


૧


૨


૩


૪

## વ્હાલા ગુરુજીનું દિવ્ય સત્સંગ વિચરણ


૫


૬


૭


૮

(૧-૫) ભૂજ ખાતે જાહેર સભા તેમજ અનુક્રમે રાપર, સેલારી ખાતે પધરામણીમાં લાભ (૬-૮) હળવદ તથા મોરબી ખાતે પધરામણી અને અંગત સભામાં લાભ

## શ્રીહરિ સંકલ્પ મહોત્સવ ઉપક્રમે

# Divine Discipline

(જાન્યુઆરી માસના સંકલ્પો)

### દિવ્યવાણી

શાંતિથી બોલીએ. ક્રોધ, ગુસ્સો, અકળામણ, ઉદ્વેગ કે આવેશમાં આવીને ન બોલીએ.

### જનરલ શિસ્ત

મંદિરમાં કે જાહેર સ્થળો પર પૂ. સંતો કે જવાબદાર સભ્ય દ્વારા કોઈ પણ માધ્યમથી આપવામાં આવતી સૂચનાઓનું પાલન કરીએ.


ઘનશ્યામ

૧૦ જાન્યુઆરી, ૨૦૨૬ ● વર્ષ : ૫૧ ● અંક : ૦૧

GHANSHYAM

10 January, 2026 • Year : 51 • Edition : 01


અનુક્રમણિકા...


૦૪ દિવ્યવાણી

૦૬ વચનામૃત સાર

૦૯ આજ્ઞાપાલનમાં સરળતા

૧૩ કરુણાસાગર

૧૫ શિક્ષાપત્રી - Manual of Mankind



પત્રવ્યવહાર માટેનું સરનામું :

ઘનશ્યામ કાર્યાલય, સ્વામિનારાયણ ધામ

કોબા-ગાંધીનગર હાઈવે, ગાંધીનગર-૩૮૨૪૨૧

Visit us : www.smvs.org

Email : magazine@in.smvs.org કુલ પેજ : ૨૪ + ૪ ટાઈટલ = ૨૮



પ્રકાશક : સાધુ ભક્તવત્સલદાસ

મુદ્રક : સાધુ પૂર્ણસ્વરૂપદાસ

માલિક : સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા (SMVS)

મુદ્રણ : વાઈબ્રન્ટ ઈમેજ, અમદાવાદ

આદ્ય સ્થાપક : શુદ્ધ ઉપાસના પ્રવર્તક
અ.મુ. સદ્. શ્રી દેવનંદનદાસજી સ્વામીશ્રી
(ગુરુદેવ પ.પૂ. બાપજી)

પ્રેરક : પ.પૂ. અ.મુ. સદ્. શ્રી સત્યસંકલ્પદાસજી સ્વામીશ્રી
(ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી)

તંત્રી : નરેન્દ્રભાઈ આર. ત્રિવેદી

સહતંત્રી : સાધુ રાજીપાસ્વરૂપદાસ

સંપાદક : સાધુ નિર્ગુણજીવનદાસ

લેખનકાર્ય : લેખકવૃંદ

સને ૧૯૭૬, જાન્યુઆરી માસથી પ્રારંભ પામેલ આ 'ઘનશ્યામ' સામયિક એ કારણ સત્સંગના જ્ઞાન, ઉપાસના અને સિદ્ધાંતોની પુષ્ટિ કરતું એસ.એમ.વી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનું રજિસ્ટર્ડ મુખપત્ર છે જે દર માસની દસમી તારીખે પ્રકાશિત થાય છે.


'GTPL-ભક્તિ' ચેનલ નં - ૫૫૧ ઉપર દરરોજ સવારે અને રાત્રે ૮:૩૦થી ૯:૦૦ તથા દર એકાદશી તેમજ પૂનમના સમૈયામાં રાત્રે ૮:૩૦થી ૧૦:૩૦ ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની દિવ્યવાણીનો લાભ મળશે.



# દિવ્યવાણી

**તા. ૪-૧૨-૨૦૨૫ની ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની દિવ્યવાણીમાંથી સંકલિત**

સત્સંગમાં આવ્યા પછી સત્પુરુષના જોગ-સમાગમે આપણને ઘણું જ્ઞાન થયું છે કે આવું કરાય અને આવું ન કરાય. પરંતુ દુ:ખની વાત છે કે એ જ્ઞાનથી અન્યને આપણે બહુ સારી રીતે સમજાવી શકીએ છીએ. પરંતુ સમય આવ્યે પોતે જ નાપાસ થઈ જઈએ છીએ. જાણીએ છીએ કે ક્રોધ ન કરાય, ઈર્ષ્યા ન કરાય તેમ છતાં સમયે ક્રોધ-ઈર્ષ્યા આવી જ જાય છે. જે નથી કરવું છતાં સાહજિકપણે થઈ જાય છે એનું નામ જ સ્વભાવ. ઘર-પરિવાર અને સત્સંગમાં સર્જાતા અનેક પ્રશ્નોનું મૂળ છે સ્વભાવ. તા. ૪-૧૨-૨૦૨૫ની પૂનમ સભામાં વ્હાલા ગુરુજીએ સ્વભાવ ટાળવાના ઉપાયો પર સુંદર માર્ગદર્શન આપેલું. જેનું મનન-ચિંતન કરી સ્વજીવનમાં સ્વભાવ ટાળવાના આગ્રહી બનીએ.

ગઢડા મધ્યના ૩૭મા વચનામૃતમાં મહારાજે સ્વભાવ ટાળવા સત્પુરુષનું મહત્ત્વ દર્શાવતાં ચાર સ્ટેપ કહ્યાં છે :

૧. સત્પુરુષનું સાંનિધ્ય અને ઉપદેશ જોઈએ.

૨. એમના વચનને વિષે અતિશે વિશ્વાસ જોઈએ.

૩. સત્પુરુષને વિષે અતિશે પ્રીતિ જોઈએ.

૪. સ્વભાવ ટળાવવા દુખવીને કઠણ વચન કહે તેને પણ હિતકારી માનવાં.

અહીં શ્રીજીમહારાજે 'સંત' શબ્દ નથી વાપર્યો; 'સત્પુરુષ' શબ્દ વાપર્યો છે. સ્વભાવ ટાળવા માટે પ્રગટ સત્પુરુષ જોઈએ અને એમનો ઉપદેશ જોઈએ. જાહેરમાં થયેલી વાતને ઉપદેશ કહેવાય અને વ્યક્તિગત થયેલી ટકોરને રોકટોક કહેવાય. અહીં એવા રોકટોકરૂપી ઉપદેશની વાત કરી છે. કારણ કે સભામાં થયેલી વાત પોતા પર તાણી ન લેતાં વહેંચાઈ જતી હોય છે અર્થાત્ અન્ય પર બાયપાસ થઈ જતી હોય છે.

સ્વભાવ ટાળવાની ઈચ્છા હોય તેનામાં એટલી તો મુમુક્ષુતા જોઈએ કે, 'મારામાં કોઈ સ્વભાવ છે જ નહિ' આ ભાવમાંથી બહાર નીકળી જવું. કોઈક સ્વભાવ તો હોય જ. સ્વભાવ નથી ઓળખાતો એ આપણું ભારોભાર દેહાભિમાન છે. અને બીજું, 'મારે મારો સ્વભાવ ટાળવો છે' આવો દૃઢ સંકલ્પ કરવો. તો જ જાહેર સભા કે એકાંતની વાત સ્પર્શશે. સત્પુરુષનો કથાવાર્તારૂપી ઉપદેશ એ આપણા દોષ-સ્વભાવ જોવાનો અરીસો છે.

કથાવાર્તાનું મહત્ત્વ દર્શાવતાં સ્વયં શ્રીજીમહારાજે ગઢડા છેલ્લાના ૨૪મા વચનામૃતમાં વાત કરી છે કે, "કથાવાર્તામાં જેને આળસ હોય તેની કોરની એમ અટકળ કરવી જે એમાં મોટા ગુણ નહિ આવે."

કથાવાર્તાનું મહત્ત્વ જણાવતું એક અદ્ભુત કીર્તન છે.

"કેવી રહસ્યની સમજાવે વાત, નૌતમ નાવલિયો;
પ્રથમ બત્રીસે કહે સાક્ષાત્, નૌતમ નાવલિયો."

પ્રથમના બત્રીસમા વચનામૃતમાં શ્રીજીમહારાજે પોતાના અંતરનું રહસ્ય જણાવ્યું છે, 'કથાવાર્તારૂપી ચારો ચરી ચરીને મૂર્તિરૂપી માળામાં વિરામ કરવો.' મૂર્તિમાં વિરામ કરવો એ કારણ સત્સંગનું અંતિમ ચરણ છે. પરંતુ એની પૂર્વભૂમિકા કથાવાર્તામાં પ્રીતિ છે. કેમ? તો,

"કથાવાર્તા વિના રૂડા ગુણ આવે નહિ;
તે વિના સ્વભાવો કદી ટળે નહિ;
વિશલ્યકરણી ઔષધિ ગણાય."

પહેલાંના જમાનામાં યુદ્ધ વખતે શરીર પર ભાલાના, બરછીના, તલવારોના ઘા વાગતા તેની પર વિશલ્યકરણી ઔષધિ લગાવતાં તે ઘા રુઝાઈ જતા. તેમ આપણી અંદર કામ, ક્રોધ, લોભ, માન, ઈર્ષ્યાના ઘા વાગેલા છે તેને રુઝાવવા માટેની

ઉત્તમ ઔષધિ એટલે કથાવાર્તા. ગમે તેટલી તન, મન, ધનથી સેવા કરતા હોઈએ પરંતુ કથાવાર્તાનું અંગ નહિ હોય તો સેવાનો ઉલાળિયો થઈ જતા વાર નહિ લાગે. કથાવાર્તામાં પ્રીતિ હશે તો જ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ ટકશે. સદ્. ગુણાતીતાનંદ સ્વામીએ પ્રકરણ-૩ની વાર્તા-૫૧માં કહ્યું છે કે, "અર્ધોઅર્ધ કથાવાર્તાનો જોગ રાખશે તેનું જ સારું રહેશે અને આ તો મોટાં કારખાનાં થયાં તે કાંઈ ખૂટે એમ તો છે નહીં."

અમે (વ્હાલા ગુરુજી) પણ તમને સૌને બે હાથ જોડીને વિનંતી કરીએ છીએ કે, કથાવાર્તાના ભોગે કાંઈ ન કરો. તમે લાખો રૂપિયાનું ડોનેશન કરો પણ જો કથાવાર્તામાં નહિ બેસો તો અમને વ્હાલા નહિ લાગો. અમે રાજી નહિ થઈએ. કારણ કે,

"શુદ્ધ ઉપાસના દૃઢ કદી થાયે નહિ;
આવા જોગ વિના નિયમ કદી પળે નહિ;
સર્વે ગુણ તણું મૂળ એ ગણાય."

સદ્. પરમચૈત્યાનંદ સ્વામી મોટાપણાના અભિમાને કોઈ મોટા સત્પુરુષનો સમાગમ કરવા સભામાં બેસતા નહીં. પરિણામે શુદ્ધ ઉપાસના સમજવામાં કાચું રહી ગયું. તેથી મહારાજ ધામમાં તેડવા નહોતા આવતા. વળી, કથાવાર્તા એ બ્રેક છે. નિયમ-ધર્મની દૃઢતાની વાત આવતાં તરત બ્રેક વાગે કે હં... આ મારી કસર છે. તરત પાછા વળી જવાનું બળ મળે. કથાવાર્તા સિવાય જીવ ચોખ્ખો ન થાય, મહારાજના રાજીપાની ખબર ન પડે. કથાવાર્તામાં બેસવાથી જ કરવા-ન કરવા યોગ્યનો વિવેક જન્મે છે. કથાવાર્તા સાંભળ્યા પછીનું સ્ટેપ કયું?

"શ્રવણ પછી એકાગ્રતાથી મનન કરો;
'મારા માટે જ કહે હરિ' એમ ઉર ધરો;
મનન-ચિંતનથી જ સમજણ થાય."

કથાવાર્તા સાંભળતાં આ વિચાર રાખવો, 'જે વાત થાય છે તે મારા માટે જ મહારાજ કરી રહ્યા છે.' તો જ વાત પોતાના પર લેવાશે. સુધારો કરવા પ્રયત્નશીલ બનાશે. આમ, કથાવાર્તા દ્વારા જાહેરમાં મળતા ઉપદેશથી સ્વભાવમાં સુધારો લાવી શકાય પરંતુ ઉચ્ચ મુમુક્ષુતા જોઈએ. જ્યારે ગઢડા મધ્યના ૩૭મા વચનામૃતમાં જણાવેલ ઉપાયથી સ્વભાવ ટાળવો ઘણો સરળ થઈ જાય.

સત્પુરુષની રોકટોક એ સ્વભાવ ટાળવાનો શ્રેષ્ઠ અને સરળ ઉપાય છે. પરંતુ સત્પુરુષ રોકટોક કોને કરી શકે ? તો, જેને મોટાપુરુષ સાથે પ્રીતિ હોય, મોટાપુરુષને પોતાના માન્યા હોય, મોટા રોકટોક કરે તોય મુખના ભાવ ન બદલાય, એમનાથી છેટા ન થવાય, એમની રોકટોક હિતકારી માની સુધારો થાય તો કહી શકે, એને જ કહી શકે.

એક વખત સાંજના સમયે સદ્. ગોપાળાનંદ સ્વામી વડોદરા મંદિરે સભા ભરીને બિરાજેલા. મહેસાણાથી હરિભક્તોનો સંઘ આવ્યો હતો તે સ્વામીનાં નિકટ દર્શન કરી નીકળતો હતો. જેમાં ૨૮ વર્ષની ઉંમરના એક યુવાન માણસાના નરસિંહભાઈ રજોગુણી વસ્ત્ર પરિધાન કરી સ્વામીનાં દર્શને આવેલા. તેમને જોતાં જ સ્વામીએ તેમનું કાંડું પકડ્યું ને બોલ્યા, "ભાણાભાઈ (નરસિંહ), લગ્ન કરવા નીકળ્યા છો ? આ શોભતું નથી." સ્વામીના મુખ પર અસંતોષના ભાવ હતા. નરસિંહભાઈ બોલ્યા, "ના સ્વામી." સ્વામીએ કહ્યું, "તો આ રજોગુણી વસ્ત્રો ભગવાનના ભક્ત તરીકે તમને શોભતાં નથી. મહારાજ રાજી ન થાય." કહેતાં સ્વામીએ ધબ્બો માર્યો. નરસિંહભાઈ સ્વામીની ટકોરને સમજી ગયા અને ચોધાર આંસુએ રડી પડ્યા. અને હાથ જોડી કહ્યું, "સ્વામી, આજથી રજોગુણનો ત્યાગ. સ્વામી રાજી રહેજો, મારી ભૂલ થઈ ગઈ." ઇતિહાસ કહે છે કે નરસિંહભાઈએ પછી જીવન પર્યંત લગ્ન ન કર્યાં ને બ્રહ્મચર્ય પાળીને સ્વામીની સેવામાં રહ્યા. સાદું ધોતિયું ને સાદો ઝભ્ભો તેમનો પહેરવેશ બનાવી દીધો.

સદ્. ગોપાળાનંદ સ્વામી નરસિંહભાઈને નિધડકપણે કહી શક્યા તેમ આપણે પણ મોટાપુરુષને એવું લાઇસન્સ આપવું કે તેઓ આપણને ભરસભામાં કે એકાંતમાં આપણી ભૂલ બતાવી શકે, રોકટોક કરી પાછા વાળી શકે.

સાચા સત્પુરુષની નજર ડોનેશન કે ડૉલર સામે નહિ પરંતુ જીવને ચોખ્ખો કરી પ્રભુને પધરાવે એવો કરવા સામે હોય છે. માટે આપણને કડવું લાગે તો કડવું લગાડીને પણ ભૂલ ઓળખાવશે. દુનિયા આખી સ્વાર્થથી ભરેલી છે. તે સ્વાર્થ સાધવા માટે આપણને ફુલાઈ મારશે પણ સત્પુરુષને આપણું ભગવાન સાથે મિલન કરાવવાનો ઈશક છે માટે પાત્ર બનાવવા તેઓ જરૂર રોકશે, ટોકશે, વઢશે પરંતુ તેમને હિતકારી માનવા. સવળો વિચાર કરવો.

ગઢડા છેલ્લાના ૨૩મા વચનામૃતમાં શ્રીજીમહારાજે કહ્યું છે કે, 'જ્યારે ભગવાન ને ભગવાનના મોટા સંત પોતાની ઉપર રાજી થાય ત્યારે તે ભક્તને એમ વિચારવું જે મારાં મોટાં ભાગ્ય જે મારી ઉપર ભગવાન ને ભગવાનના મોટા સંત રાજી થયા, અને શિક્ષાને અર્થે ભગવાન ને ભગવાનના મોટા સંત પોતાને વઢે ત્યારે પણ એમ વિચારવું જે મારાં મોટાં ભાગ્ય જે મુંને ભગવાન ને ભગવાનના મોટા સંત વઢ્યા, જેણે કરીને મારામાં અવગુણ હશે તે જાશે એવી રીતે વઢે તોપણ રાજી થાવું પણ વઢે ત્યારે મનમાં શોક ન કરવો ને કચવાવું નહિ, ને પોતાના જીવને અતિ પાપી ન માનવો.' ગઢડા મધ્યના ૩૭મા વચનામૃત પ્રમાણે સ્વભાવ ટાળવાના આગ્રહી બનીએ, મોટાપુરુષની રોકટોક ગમાડીએ, રોકટોકને હિતકારી માનીએ.



# વચનામૃત સાર

**લોયા-૧૩ (ભાગ-૨)**

શ્રીજીમહારાજ લોયાના ૧૩મા વચનામૃત દ્વારા એમનો રહસ્ય-અભિપ્રાય જણાવી રહ્યા છે. ગત લેખમાં આપણે જોયું કે દેહ અવસ્થા હોય ત્યાં સુધી દેશકાળાદિકની અસર થયા વિના રહેતી નથી. માટે દેશકાળથી બચેલા રહેવાનો કાયમી ઉપાય મહારાજે આપણને આપ્યો કે અમારી મૂર્તિમાં નિમગ્ન રહેવું. આ ઉપાયનો ઉપયોગ આપણે કર્યો જ હશે. આજે વચનામૃતમાં મહારાજ આગળ શું અભિપ્રાય જણાવે છે તે જોઈએ.

**વચનામૃત : ત્યારપછી નિત્યાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, હે મહારાજ ! જ્યાં સુધી એ મુમુક્ષુને ગુણનો સંબંધ છે ત્યાં સુધી તો તેને દેશકાળાદિકે કરીને વિપર્યપણું થાય અને નારાયણ છે તે તો ગુણમાં રહ્યા થકા દેશકાળાદિકે કરીને પરાભવને ન પામે એ તો ઠીક, પણ જ્યારે સર્વે મુક્તને ગુણનો સંબંધ ન હોય ને નિર્ગુણપણે કરીને અક્ષરધામને વિષે રહ્યા હોય અને નારાયણ પણ ત્યાં તેવી જ રીતે રહ્યા હોય તે વારે એ સર્વે ચૈતન્યમય છે ને નિર્ગુણ છે ને ॥ મમ સાધર્મ્યમાગતાઃ ॥ એવી રીતે નારાયણના સાધર્મ્યપણાને પામ્યા છે એવા જે મુક્ત અને નારાયણ તેમને વિષે કેમ ભેદ સમજવો ?**

**વિશ્લેષણ :** સદ્. નિત્યાનંદ સ્વામી સૌપ્રથમ મહારાજની વાતને સમર્થન આપે છે અને જ્ઞાનની સ્પષ્ટતા માટે એક મહત્ત્વનો પ્રશ્ન પૂછે છે. સ્વામીએ કહ્યું, "હે મહારાજ ! તમે કીધી એ વાત સાવ સાચી કે જ્યાં સુધી મુમુક્ષુને ગુણનો સંબંધ એટલે કે દેહભાવ હોય ત્યાં સુધી તો એને દેશકાળાદિકે કરીને વિપર્યપણું એટલે વિક્ષેપ-વિઘ્ન થાય જ. અને નારાયણ જે આપ, આપને તો દેશકાળાદિકનો પ્રશ્ન જ નથી. પણ સ્થિતિવાળા મુક્તો આપની સાથે ધામમાં રહ્યા હોય ત્યાં તો સર્વે નિર્ગુણ કહેતાં દિવ્ય છે. વળી, 'મમ સાધર્મ્યમાગતાઃ' એવી રીતે મુક્તો આપના સાધર્મ્યપણાને કહેતાં સરખાપણાને પામેલા છે – પુરુષોત્તમરૂપ છે. તો એ મુક્તોમાં અને આપનામાં ભેદ કેવી રીતે અને શો સમજવો ?"

આગળ મહારાજનો ઉત્તર જોતા પહેલાં પ્રશ્નની કેટલીક બાબતોને સમજી લઈએ.

સૌપ્રથમ તો વચનામૃતમાં શરૂઆતથી મહારાજ વારંવાર નારાયણ શબ્દનો ઉલ્લેખ કરે છે. પણ કયા નારાયણ તેની સ્પષ્ટતા નથી કરી. અહીં સદ્. નિત્યાનંદ સ્વામીએ કૃપા કરી એમના પ્રશ્નમાં નારાયણ શબ્દ માટે ઍરો આપી દીધો. તેમણે અક્ષરધામને વિષે રહ્યા જે નારાયણ કહ્યા તે અક્ષરધામમાં કયા નારાયણ હોય ? સ્વામિનારાયણ. માટે આખા વચનામૃતમાં સ્વામિનારાયણની જ વાત છે; બીજા કોઈ નારાયણની નહીં.

બીજું અહીં કીધું અક્ષરધામમાં રહેલા મુક્ત. હવે બેઠો અર્થ કરીએ તો અહીં માત્ર પરમ એકાંતિકમુક્ત જ આવે. પરંતુ આપણે અહીં સમજવાનું છે કે પરભાવમાં રહેલા મુક્ત. તો એમાં પરમ એકાંતિકમુક્ત અને અનાદિમુક્ત બંને આવી જાય. કેમ કે મહારાજે આપણને અનાદિમુક્ત કર્યા છે.

ખરેખર આપણે પરમએકાંતિકની સ્થિતિ જોડે બહુ લેવા-દેવા નથી છતાં આપણને ખ્યાલમાં રહે તે માટે ટૂંકમાં તેને વિષે થોડું સમજી લઈએ.

અક્ષરધામ એટલે તેજનો સમૂહ. તેજના સમૂહમાં મહારાજ રહ્યા છે; મુક્તો તેજના સમૂહમાં નથી. અનાદિમુક્તો મૂર્તિમાં રહ્યા છે. જ્યારે પરમ એકાંતિકમુક્તો મૂર્તિના આધારે મૂર્તિની

બહાર રહ્યા છે. આ થોડી અટપટી વાત છે. ચાલો, દૃષ્ટાંતથી તેને સમજીએ. અનાદિમુક્ત અને પરમ એકાંતિકમુક્તની સ્થિતિ સમજવા માટે બે દૃષ્ટાંત અપાયેલાં છે.

૧. ઝાડ ને છાલ તથા ઝાડ ને રસ

૨. સોનાનો ઢોળ ચડાવેલ કળશ તથા સોનાનો કળશ.

જેમ ઝાડમાં રસ અને છાલ બંને છે. પણ રસ માંહી-બહાર બધે છે. જ્યારે છાલ માત્ર બહાર છે. ફરતે વીંટળાયેલી છે. હવે આને આધ્યાત્મિક શબ્દથી સમજીએ તો રસ ઝાડના રોમ રોમપણે અંદર-બહાર રહેલો છે અને છાલ ઝાડના અંગોઅંગ વીંટળાયેલી છે. તેમ અનાદિમુક્ત મૂર્તિમાં અંદર-બહાર રસબસપણે રહેલા છે. આથી રોમ રોમ પુરુષોત્તમરૂપ કહેવાય છે. જ્યારે પરમ એકાંતિકમુક્ત છાલની જેમ મૂર્તિની બહાર અંગોઅંગ રહ્યા છે. તેથી અંગોઅંગ પુરુષોત્તમરૂપ કહેવાય. આમ, પરમ એકાંતિકમુક્ત મૂર્તિની બહાર રહ્યા છે એટલે અક્ષરધામમાં રહ્યા છે તેમ કહ્યું છે.

એ જ રીતે બીજા દૃષ્ટાંતમાં કળશ પર સોનાનો ઢોળ ચડે તે માત્ર બહારથી ચડે છે. જ્યારે સોનાનો કળશ માંહી-બહાર આખો સોનાનો છે. પરમ એકાંતિકમુક્ત સોનાનો ઢોળ ચઢાવેલા કળશ જેવા છે અને અનાદિમુક્ત સોનાના કળશ જેવા છે.

હવે સદ્. નિત્યાનંદ સ્વામીએ પ્રશ્નમાં એક સંસ્કૃત ઉક્તિ ઉલ્લેખી ॥ मम साधर्म्यमागताः ॥ તેને સમજીએ. આમાં સાધર્મ્યપણાની વાત કરેલી છે. મુક્તો મહારાજનું સાધર્મ્યપણું પામેલા છે. કયા મુક્તો ? પરમ એકાંતિકમુક્તો અને અનાદિમુક્તો બંને. સાધર્મ્યપણું એટલે શું ? તો, સરખાપણું. બંને મુક્તોનો દેખાવ મહારાજના જેવો જ છે. બંને પુરુષોત્તમરૂપ છે. તો પછી બંનેમાં ફેર શું છે ? તો પરમ એકાંતિકમુક્તો એકદેશી સાધર્મ્યપણું પામેલા છે કહેતાં અંગોઅંગ પુરુષોત્તમરૂપ છે અને અનાદિમુક્તો સર્વદેશી સાધર્મ્યપણું પામેલા છે કહેતાં રોમ રોમપણે પુરુષોત્તમરૂપ છે. તેમજ પરમએકાંતિકનું સુખ બિંદુ જેટલું છે અને અનાદિમુક્તોનું સુખ સિંધુ જેટલું છે. પરમએકાંતિકની સ્થિતિ અધૂરી છે અને પરિવર્તનશીલ છે. જ્યારે અનાદિમુક્તની સ્થિતિ પૂરી છે અને અપરિવર્તનશીલ કહેતાં કાયમી છે.

હવે આપણે સદ્. નિત્યાનંદ સ્વામીના પ્રશ્નનો મહારાજે ઉત્તર આપ્યો તે સમજીએ. પ્રશ્ન શું હતો ? તો દેહભાવવાળાને તો દેશકાળાદિક વિઘ્ન કરે પણ પરભાવમાં મહારાજ અને મુક્તો સરખા જ છે. તો મહારાજમાં અને મુક્તમાં શો ભેદ સમજવો ? હવે ઉત્તર જોઈએ.

**વચનામૃત : ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, જેમ ચંદ્રમા છે ને તારા છે તેમાં ભેદ છે કે નહીં ? જુઓને, પ્રકાશપણે કરીને સરખા નથી અને બિંબમાં પણ ઘણો ભેદ છે અને સર્વ ઔષધિનું પોષણ તે પણ ચંદ્રમા વતે જ થાય પણ બીજે તારે ન થાય અને રાત્રિનો અંધકાર તે પણ ચંદ્રમાએ કરીને ટળે પણ તારાએ કરીને ટળે નહિ, તેમ નારાયણ તથા મુક્તોમાં ભેદ છે.**

**વિશ્લેષણ :** અહીં શ્રીજીમહારાજે ભગવાન અને મુક્તમાં ફેર સમજવા માટે ચંદ્ર અને તારાનું દૃષ્ટાંત આપ્યું. જેમ ચંદ્ર એક છે અને તારા અનેક છે. તેમ ભગવાન ચંદ્રને ઠેકાણે છે તે એક જ છે અને મુક્ત તારાને ઠેકાણે છે; તે અનેક છે. જેમ ઔષધિનું પોષણ ને અંધકારનું મારણ ચંદ્રમા વતે જ થાય છે; તારા વડે નહીં. તેમ અનંતકોટિ બ્રહ્માંડમાં કર્તાપણું ને દાતાપણું એક ભગવાનનું છે. અરે, અનંત મુક્તોના સુખના દાતા પણ એક શ્રીજીમહારાજ જ છે. આમ, મહારાજ એ મહારાજ અને મુક્ત એ મુક્ત. મહારાજ સ્વામી છે અને મુક્ત સેવક છે. અનંત મુક્ત મહારાજના વ્યતિરેક સંબંધે કરીને થયા છે અને રહ્યા છે. છતાં મહારાજમાંથી કેટલું ઓછું થયું ? જરાય નહીં. અનંત મુક્તો ભેગા થઈ એક મહારાજ ન બનાવી શકે. એકથી અનંત થાય, અનંતથી એક ન થાય.

જેમ શેઠ હજારો કારીગરો-મજૂરોને બોનસ આપી શકે પણ હજારો કારીગરો ને મજૂર ભેગા થઈને એક શેઠને બોનસ ન આપી શકે. કેમ કે શેઠ એ શેઠ ને નોકર એ નોકર. દેનાર એ દેનાર ને લેનાર એ લેનાર. આમ, અનંતકોટિ બ્રહ્માંડમાં સ્વામી, દાતા ને નિયંતા એકમાત્ર સ્વામિનારાયણ ભગવાન છે.

હજુ આ સિદ્ધાંતને વિશેષ એક દૃષ્ટાંત દ્વારા સમજીએ.

શ્રીજીમહારાજ એક વખત ગઢપુરમાં સભા ભરીને બિરાજમાન હતા. ત્યાં ડભાણના હરિભક્તો આવ્યા અને શ્રીજીમહારાજને ડભાણની સારામાં સારી એવી દોઢ મણ કેરી ભેટ ધરી.

શ્રીજીમહારાજે સભા વચ્ચે પ્રસ્તાવ મૂક્યો કે આ દોઢ મણ કેરી એકલા જમી જાય તેને ઈનામ. બોલો કોણ જમી જશે ?

ત્યાં સભામાં પીઠવડીના ભગો અને મૂળો બે જોડિયા ભાઈઓ બેઠા હતા. તેમણે અંદરોઅંદર ગુસપુસ કરી લીધી અને તેમાંથી ભગો ઊભો થયો અને હાથ જોડીને કહ્યું, ''મહારાજ, હું જમી જવા તૈયાર છું પણ એક શરત કે મને અડધી કેરી જમાડી લઉં એટલે લઘુ-પાણી કરવા બહાર જવાની રજા આપવાની.''

શ્રીજીમહારાજે કહ્યું, ''ભલે જાવ, શરત મંજૂર છે. અડધી કેરી જમી લીધા પછી બહાર જવા દઈશું.''

ભગો તો બેઠો કેરી જમવા. કેરી ધોઈ ધોઈ, ઘોળી ઘોળી આપવા માંડ્યા અને ભગો ચૂસવા માંડ્યો. એક, બે, પાંચ કરતાં પોણો મણ કેરીઓ ચૂસી ગયો. પોણો મણ એટલે પંદર કિલો.

દરમ્યાનમાં સભામાંથી મૂળો બહાર જતો રહેલો. શરત મુજબ ભગો લઘુ-પાણી કરવાના બહાને બહાર નીકળ્યો અને બહાર નીકળી ભગાએ મૂળાને પોતાનાં કપડાં પહેરાવી અંદર મોકલ્યો.

હવે મૂળો આવીને કેરીઓ જમવા માંડ્યો. લોકોને તો એમ કે આ ભગો છે. કારણ કે દેખાવમાં બંને ભાઈઓ સરખા જ લાગતા હતા. બીજી પોણો મણ કેરીઓ મૂળો જમી ગયો.

સભાજનો આશ્ચર્ય પામી ગયા કે આ ભગલો દોઢ મણ (૩૦ કિલો) કેરી જમી ગયો. પરંતુ શ્રીજીમહારાજ તો જાણતા હતા. શ્રીજીમહારાજને સભા વચ્ચે બહુ ઊંચો સિદ્ધાંત જણાવવો હતો એટલે આ લીલા કરી હતી.

શ્રીજીમહારાજે ભગાને બહારથી બોલાવડાવ્યો અને પછી સભાજનોને પૂછ્યું, "હે સભાજનો, આ બેમાંથી કેરી કોણ જમી ગયું હશે તે કહો ?" સભાજનો તો જોતા જ રહી ગયા. આ બેમાંથી કેરી કોણ જમાડી ગયું તે ચોક્કસ કહી શકાય તેમ નહોતું કારણ કે બંનેનો દેખાવ એકસરખો હતો.

શ્રીજીમહારાજે કહ્યું, "હે સભાજનો, અડધી કેરી આ ભગલો જમાડી ગયો અને અડધી કેરી આ મૂળિયો જમાડી ગયો."

હવે આ દૃષ્ટાંતનો સિદ્ધાંત બહુ સમજવા જેવો છે. ભલે લોકોને ખબર નથી પડતી કે ભગો કોણ ને મૂળો કોણ ? પણ ભગાને કોઈ દિવસ એમ થાય કે હું મૂળો અને મૂળાને એમ થાય કે હું ભગો ? ના. ભગો એ ભગો અને મૂળો એ મૂળો જ. તેમ ભગાને ઠેકાણે 'ભગવાન' અને મૂળાને ઠેકાણે 'મુક્ત' છે. ભગવાન સ્વામી છે, દાતા છે. મુક્ત એ સેવક છે, ભોક્તા છે. ભગવાનને એમ નથી થતું કે હું મુક્ત છું અને મુક્તને એમ નથી થતું કે હું ભગવાન છું. ભગવાન ને મુક્ત સ્વામી-સેવકભાવે જુદા જ છે.

આપણા કારણ સત્સંગનો આ બહુ મહત્ત્વનો સિદ્ધાંત છે. આપણે ત્યાં મહારાજની એક અજોડ ઉપાસના છે. મુક્તનો મહિમા સમજવાનો છે. કેમ કે એ જ મૂર્તિસુખનું દ્વાર છે. પરંતુ મુક્તને મહારાજનું ટાઇટલ કદી નથી આપવાનું. સ્વામી, દાતા ને નિયંતા; ધ્યાન, ભજન અને ઉપાસના આ છ ટાઇટલ મહારાજ માટે રિઝર્વ્ડ છે. આપણે રાખવાના છે. (ક્રમશઃ)

## હરિકૃષ્ણ મહારાજની દિવ્ય મહાપૂજા

ગુરુદેવ પ.પૂ. બાપજીએ જેમ આ લોકનાં દુઃખ દૂર કરવા માટે ગોધરમાં અભિષેકના ઘનશ્યામ મહારાજની પ્રતિષ્ઠા કરી છે, તેમ પરલોકનાં સુખો માટે, આંતરતંત્રની શુદ્ધિ માટે, મહાપ્રભુનાં અત્યુત્તમ સુખો માણવા માટે તેમજ મહારાજ અને મોટાપુરુષને પ્રિય એવા નિષ્કામપણાને દૃઢ કરવા માટે ગુરુદેવ પ.પૂ. બાપજીએ સ્વામિનારાયણ ધામ અને મહેસાણા મંદિર ખાતે વ્હાલા હરિકૃષ્ણ મહારાજની પૂર્ણ કદની મૂર્તિઓ પધરાવી છે. આ દિવ્ય મૂર્તિની મહિમા અને શ્રદ્ધાએ સહિત મહાપૂજા કરવાથી પરલોક કહેતાં મહાપ્રભુની મૂર્તિનું સુખ પ્રાપ્ત થાય છે. આ મહાપૂજાનો લાભ લેનાર સર્વ ભક્ત સમાજ પર વ્હાલા ગુરુદેવ પ.પૂ. બાપજીએ દિવ્ય આશીર્વાદ આપ્યા છે કે, "મહાપૂજાનો નિષ્કામભાવે જે જે મુક્તો લાભ લેશે તેમના અંતરની મલિન વાસનાઓ હરિકૃષ્ણ મહારાજ દૂર કરશે તેમજ તેમને મહાપ્રભુ પોતાના વ્હાલા એવા નિર્વાસનિક ભક્ત કરશે તથા તેમને મહાપ્રભુની મૂર્તિનું અદ્વિતીય સુખ પ્રદાન કરશે."

### સર્વાવતારી શ્રી હરિકૃષ્ણ મહારાજની મહાપૂજાનો લાભ
### મહાપૂજાની સેવાના પ્રકાર

| | |
|---|---|
| એક વખત મહાપૂજા | - ૨૫૦ /- |
| દર પૂનમ (વાર્ષિક) | - ૨,૫૦૦ /- |
| દર એકાદશી (વાર્ષિક) | - ૫,૧૦૦ /- |
| દર રવિવાર (વાર્ષિક) | - ૧૧,૦૦૦ /- |
| આજીવન પૂનમ | - ૩૧,૦૦૦ /- |
| આજીવન એકાદશી | - ૫૧,૦૦૦ /- |
| આજીવન રવિવાર | - ૭૫,૦૦૦ /- |
| આજીવન દૈનિક મહાપૂજા | - ૧,૨૫,૦૦૦ /- |



**સ્થળ : સ્વામિનારાયણ ધામ, કોબા-ગાંધીનગર હાઇવે, ગાંધીનગર.**
**સ્થળ : શ્રી સ્વામિનારાયણ મંદિર, મોઢેરા રોડ, મહેસાણા.**

| | |
|---|---|
| દરરોજ સવારે | : ૦૮:૩૦થી ૧૦:૩૦ |
| દર રવિવારે સવારે | : ૦૮:૩૦થી ૧૧:૩૦ |
| દર રવિવારે બપોરે | : ૦૩:૦૦થી ૦૬:૦૦ |


અને વળી જે ભગવાન છે, તે જેવા તો એ એક જ છે.



# આજ્ઞાપાલનમાં સરળતા

એક વખત વગડામાં રહેતા નાના પતંગિયાને એક મોટા પતંગિયાએ રાત્રિના સમયે કહ્યું કે, "ગામમાં જઈ જોઈ આવ કે દીવા થયા છે ? જો દીવા હોય તો હવે આપણે ગામમાં જઈએ." પતંગિયું ગામમાં ગયું ને થોડી જ વારમાં પાછું આવ્યું. આવીને સમાચાર આપ્યા કે, "ગામમાં દીવા થઈ ગયા છે." ત્યારે મોટા પતંગિયાએ કહ્યું, "તું અમારી નાતનું છે જ નહીં. જો તું અમારી નાતનું હોય તો દીવો જોઈને બળી જ મરે. પાછું આવે જ કેમ ?"

જોયું, પતંગિયાને દીવા સાથે કેવો પ્રેમ છે ? એવો પ્રેમ જ્યારે ભગવાન અને સત્પુરુષને વિષે આપણને થાય તો પોતાના મનનું ગમતું રહે જ નહીં. નિઃસંશયપણે એમના વચનમાં હોમાઈ જવાય, સરળતાથી વચન અધ્ધર ઝિલાય ત્યારે જ તે ભક્ત સંજ્ઞામાં આવે.

સુંદર ભોજન કર્યું હોય તેમાં ત્રણ જણને જમવા બેસાડ્યા હોય. તેમાં એક માંદો હોય, બીજો ધરાયેલો હોય અને ત્રીજો ભૂખ્યો હોય. તે ત્રણેયમાં કોને જમાડવામાં સૌથી વધુ સુખ આવે ? તો માંદો ખાઈ શકતો નથી ને ધરાયેલાને જમવાની પડી જ નથી. પણ ભૂખ્યો હોય તેને જ જમવાનો આનંદ આવે છે. તેમ ઠરાવ ને સ્વભાવ સોતા ભગવાન અને સત્પુરુષમાં પ્રીતિ કરીએ તો સુખ આવતું નથી. તેનાથી ભગવાનના સુખને ન પમાય. શેરડીનો સાંઠો અને રોટલો સાથે ન જમાય તેમ પોતાના ઠરાવો મૂકવા નથી ને ભગવાન અને સત્પુરુષને રાજી કરવા છે; એવું કેમ શક્ય બને ? એના માટે તો ખરા ખપવાળા થઈને પોતાની મનમુખી પ્રકૃતિ ટાળવી ને જે પ્રકૃતિ ટળાવતા હોય એવા સત્પુરુષનો સંગ કરવો.

જીવને ધન-વૈભવ ને પંચવિષયનાં સુખ માટે કેટલી બધી ભૂખ લાગે છે ? એના માટે રાત-દિવસ તનતોડ મહેનત કરે છે. સદ્. ગુણાતીતાનંદ સ્વામી એક ગામમાં પધાર્યા હતા. ત્યાં મંદિરની બાજુમાં જ અડીને એક સોનીનું મકાન હતું. સ્વામીએ તેમને ત્યાં આખી રાત હથોડીના ટચકા સાંભળ્યા. સવારે ચાર વાગે સ્વામી બહાર પધાર્યા. ત્યારે તે સોની બહાર બેઠા બેઠા દાતણ કરતા હતા. સ્વામીએ તેમને પૂછ્યું, "મહાજન, આજ તો આખી રાતનો ઉજાગરો કરીને હથોડી ચાલુ રાખી લાગે છે, ખરું ને ?"

ત્યારે સોની મહાજને કહ્યું, "અરે સ્વામી, આવા તો સાત સાત રાતના ઉજાગરા છે. પણ સાત રાતમાં ચૌદ દિવસનું કામ ખેંચી નાખ્યું ને એમાં બાર મહિનાના રોટલા નીકળી ગયા."

સ્વામીએ વિચાર્યું, 'જોને, આ જીવ અનંત જન્મોથી ધન-વૈભવો પામતો આવ્યો છે. તેના માટે કેટલાં ભૂખ, દુઃખ ને ઉજાગરા સહન કરે છે ?! એમાંય પાછો ઉદાસ થતો નથી. આનંદથી દાખડા સહન કરે છે. આટલો દાખડો જો ભગવાનનો રાજીપો કમાવવામાં થાય તો કેવું ફળ મળે !' એની કોઈ કલ્પના કરી શકાય ખરી ? લબડીને ઘરમાં બૈરાં-છોકરાંના ગુલામ થઈને રહે છે ને તેમના શબ્દો સહન કરે છે. તે વાળે તેમ વળે છે પણ

સુખદાયક એવા ભગવાન અને સત્પુરુષના ગુલામ થઈને રહેવાતું નથી. તેમના હિતકારી શબ્દો સહન થતા નથી. તે વાળે તેમ કટ દઈને સરળતાથી વળાતું નથી એટલે તો સંસારનાં દુઃખો સહન કરવાં પડે છે. એના કરતાંય જન્મમરણનાં દુઃખો વધારે સહન કરવાં પડે છે.

જો ભગવાન અને સત્પુરુષની આજ્ઞા અને અનુવૃત્તિમાં કે રુચિમાં પોતાના ઠરાવ મૂકીને વર્તાય તો જીવ ન્યાલ થઈ જાય છે. પણ અનાદિકાળથી જીવે પોતાના મનનું ધાર્યું જ કર્યું છે. મનના કહ્યામાં જ વર્ત્યો છે. પરિણામે ભગવાન અને ભગવાનના સત્પુરુષની આજ્ઞામાં કે તેમના કહ્યામાં વર્તાતું નથી.

શ્રીજીમહારાજ એક વખત ગઢપુરમાં સભા કરીને બિરાજમાન હતા. ત્યાં સભાની પાછળ દૂર બાઈઓની સભા હતી. સભામાં એક સંત બેઠા હતા ત્યાંથી બાઈઓનાં મુખ દેખાય તેમ હતું. તેથી શ્રીજીમહારાજે તેમને કહ્યું કે, “અહીંયાં આવીને બેસો તો સારું.” પછી તે સંત બોલ્યા, “અહીં વાંધો નહિ આવે. મને અહીંયાં ફાવશે.” એમ કહીને ત્યાંના ત્યાં જ બેસી રહ્યા પણ પોતાનો ઠરાવી સ્વભાવ મૂક્યો નહીં.

શ્રીજીમહારાજે ચાર-પાંચ વખત કહ્યું પણ ન મનાયું. અંતે જ્યારે તાપ પોતાની ઉપર આવ્યો ને ન રહેવાયું ત્યારે પોતાની જાતે આગળ આવીને બેઠા. કેવી જીવની અવળાઈ ! આમાં ક્યાં મોટો સિદ્ધાંત જતો રહેવાનો હતો ? આટલું નાનું વચન પણ ન મનાય તે અતિ મનમુખી સ્વભાવનું પ્રતીક છે.

એટલે જ સદ્. ગુણાતીતાનંદ સ્વામીએ સમજાવ્યું છે કે, “સાધુ થવું કઠણ છે પણ સાધુતા આવવી એથીય કઠણ છે. એથી પણ સ્વભાવ ટળવા ઘણા કઠણ છે.”

સાધુ થયા હતા પણ પોતાનો સ્વભાવ ન ટળ્યો તો ભગવાનનું કહ્યું પણ ન મનાયું. આવા ઠરાવી સ્વભાવો પોતાને દુઃખી કરે છે તથા ભગવાન અને સત્પુરુષને પણ દુઃખી કરે છે. માટે સત્સંગમાં આવીને આ શીખવાનું કે, પોતાનું મનગમતું મૂકીને ભગવાન અને સત્પુરુષના ગમતામાં રહેવું એ જ સાચો સત્સંગ છે.

સદ્. ગુણાતીતાનંદ સ્વામીએ એક વખત ઉંમરમાં થોડા મોટેરા એવા બે સંતોને એકાદ ગાઉ છેટે આવેલી ટીંબાવાડીએથી તૈયાર થઈ ગયેલાં ચીભડાં લેવા જવાનું કહ્યું. ત્યારે એ બંને સંતોએ બધાને કહેવા માંડ્યું, “અમે વળી આ મોટી ઉંમરે ચાલી શકતા હોઈશું ? અમને ચીભડાં લેવા જવાનું સ્વામીથી કેમ કહેવાય ?”

આમ, સ્વામીની આજ્ઞાને ઉપરથી અવગુણ પરઠી જતી કરી. બે-ચાર મહિના પછી આ બંને સંતો સદ્. ગુણાતીતાનંદ સ્વામી પાસે આવ્યા ને કહ્યું, “સ્વામી, મૂળી મોટો સમૈયો છે ને આચાર્ય શ્રી કેશવપ્રસાદજી મહારાજ પધારવાના છે અને ખૂબ ધામધૂમ થવાની છે. જો આપ રજા આપો તો અમે બંને સંતો જઈએ.” સ્વામીએ કહ્યું, “પણ મૂળી તો અહીંથી ૬૦ ગાઉ છેટે થાય છે. ત્યાં તમે ચાલતા કેવી રીતે જઈ શકશો ?”

સંતોએ કહ્યું, “સ્વામી, અમે તો શ્રીજીમહારાજને સંભારતાં સંભારતાં ધીરે ધીરે હાલ્યા જઈશું. એમાં કંઈ તકલીફ નહિ પડે.” પછી સ્વામીએ રજા આપી.

તે બે સંતોથી સ્વામીની આજ્ઞાથી એક ગાઉ છેટે વાડીએ ન જવાયું પણ પોતાની મેળે ૬૦ ગાઉ છેટે જવાયું. પોતાનું મનગમતું મૂકીને સ્વામીના ગમતામાં ન રહેવાયું. આવા જીવના અવળા સ્વભાવો છે. પોતાનું મનગમતું મૂકીને ભગવાન અને સત્પુરુષના ગમતામાં રહેવું એ જ મોટામાં મોટું તપ છે. એ જ સર્વે સાધનમાં મોટામાં મોટું રાજીપાનું સાધન છે. એ જ મોટામાં મોટી સેવા છે.

મખિયાવ ગામનાં ફઈબા શ્રીજીમહારાજનાં આશ્રિત હતાં. શ્રીજીમહારાજને પોતાનું સર્વસ્વ અર્પણ કરી દીધું હતું. ઘણી વાર મહારાજને પોતાના દરબારમાં બોલાવી સમૈયા કરેલા ને તન, મન, ધન સર્વસ્વ શ્રીજીમહારાજને અર્પણ કર્યું હતું. ફઈબાના દીકરા તેમના જેવા જ ઉદાર ભાવનાવાળા હતા. તેમનાં લગ્ન બાજુના મેલાસણ ગામમાં કરેલાં. તેમના વહુને પણ ફઈબાએ શ્રીજીમહારાજનો સર્વોપરી નિશ્ચય કરાવ્યો હતો. પરંતુ કોઈ કારણસર સાસુ-વહુને વ્યવહારમાં ખેંચતાણ થઈ. તેથી તે બેયને ‘જય સ્વામિનારાયણ’ કહેવાનો પણ નાતો ન રહ્યો. તેથી દીકરાની પત્નીથી આ સહન ન થતાં પોતાના પિયર જતાં રહ્યાં. ફઈબાએ તેમને પાછાં પણ બોલાવ્યાં નહિ ને બોલાવવા દીધાં પણ નહિ અને ખૂબ જડ આંટી બાંધી દીધી.

આ વાતની જ્યારે શ્રીજીમહારાજને ખબર પડી ત્યારે શ્રીજીમહારાજે વિચાર્યું કે, ‘આ તો બહુ ખોટું કહેવાય. અમારા

ભક્તોમાં આવા સ્વભાવો ન જોઈએ.' એમ વિચારી શ્રીજીમહારાજ સંતો, પાર્ષદો અને હરિભક્તોને લઈ મખિયાવ આવવા નીકળ્યા.

રસ્તામાં મેલાસણ ગામ આવતું હતું. એટલે શ્રીજીમહારાજે બધાને આજ્ઞા કરી કે, તમે બધાય જાઓ મખિયાવ. ને પોતાની પાસે બે પાર્ષદો રાખ્યા. પછી શ્રીજીમહારાજે મેલાસણ ગામમાં સમાચાર મોકલાવ્યા એટલે ગામના ગરાસિયાએ શ્રીહરિની ધામધૂમથી પોતાના દરબારમાં પધરામણી કરાવી. ફઈબાના દીકરાના ઘરવાળાંએ શ્રીજીમહારાજને દીનભાવે પ્રાર્થના કરીને ખુરશીમાં બિરાજમાન કર્યા.

પછી શ્રીજીમહારાજે સાસુ-વહુ બંને વચ્ચે જે વિખવાદ હતો તે સંબંધી વાત બાઈને સંભળાવી ને કહ્યું કે, "અમે કહીએ તેમ તમે કરશો ? આ તમારે પરસ્પર ઝઘડો થયો છે તે અમે મટાડવા આવ્યા છીએ. માટે અમારી મરજી પ્રમાણે તમે કરશો તો અમે રાજી થઈશું."

શ્રીજીમહારાજની આજ્ઞા સાંભળીને બાઈએ કહ્યું, "હે દયાસાગર ! મહારાજ, દયાળુ ! મારે તમારી આજ્ઞા પર પગ મૂકવો જ નથી. મારે તો આપ જેમ કહો તેમ જ કરવું છે. કારણ કે જેણે જેણે તમારી આજ્ઞા લોપી છે તે આ લોક અને પરલોકમાં દુઃખી જ થયા છે. માટે મારા માટે આપની આજ્ઞા જ મહત્ત્વની છે. આપનો રાજીપો હોય તો મારાં સાસુ મને પોતાનાં ખાસડાં મોંમાં મૂકી પ્રદક્ષિણા કરવાનું કહેશે તો હું રાજી થઈને એ જેમ કહે તેમ કરવા તૈયાર છું. આજથી મારે લોઢામાં લીટો હતો તે પાણીમાં લીટો છે. આપ આજ્ઞા કરો તો આપની સાથે મખિયાવ આવું."

શ્રીજીમહારાજ તેમની પર રાજી થયા ને પછી શ્રીજીમહારાજે બાઈને કહ્યું, "અમે તમને પછી બોલાવીશું." પછી ત્યાંથી શ્રીજીમહારાજ પાર્ષદોને લઈને મખિયાવ પધાર્યા. ફઈબા શ્રીજીમહારાજનાં દર્શન કરીને રાજી થયાં.

શ્રીજીમહારાજે તરત જ તેમને વાત કરી, "તમારે જે અણબનાવ થયો છે તે સુધારવા અમે આવ્યા છીએ. માટે તમારે અમારી એક આજ્ઞા માનવી પડશે." ત્યારે ફઈબા બોલ્યાં, "આપની એ આજ્ઞા સિવાય બીજી જે આજ્ઞા હોય તે માનવા હું તૈયાર છું. પણ એ તો નહિ જ બને."

આ સાંભળી શ્રીજીમહારાજ બોલ્યા, "જો તમારે અમારી આજ્ઞા ન પાળવી હોય તો આજથી અમારા માટે મખિયાવનું પાણી હરામ છે. મખિયાવ આવવાનું બંધ." આમ, શ્રીજીમહારાજ અતિશે કુરાજી થઈને બોલ્યા તોપણ ફઈબા એકના બે ન થયાં.

પછી શ્રીજીમહારાજે સંતો-પાર્ષદોને આજ્ઞા કરી કે, "ઊભા થાવ. આપણે બીજે ગામ જઈએ." શ્રીજીમહારાજ તૈયાર થયેલી રસોઈ પણ જમવા રહ્યા નહીં. ફઈબા પોતાનો ઠરાવી સ્વભાવ ભગવાન આગળ પણ ન મૂકી શક્યાં. તેમની કરેલી સેવા પર પાણી ફરી વળ્યું. આ મનમુખી સ્વભાવનું પરિણામ.

મખિયાવ ગામમાં શ્રીજીમહારાજ ૩૬ વખત પધાર્યા હતા. વળી ત્યાં શિખરબદ્ધ મંદિર પણ કરવાનું હતું. પણ ફઈબાએ શ્રીજીમહારાજ આગળ પોતાનું ગમતું ન મૂક્યું તેથી શ્રીજીમહારાજે શિખરબદ્ધ મંદિર પણ ન કર્યું ને સત્સંગનો વિકાસ પણ ત્યાં ન થયો.

આપણે પણ સેવા કરીએ છીએ. ક્યારેક સત્પુરુષ અને સંતોના ગમતામાં રહીએ છીએ, ઠરાવ મૂકીએ છીએ પણ આપણી પ્રકૃતિમાં રહીને બધું કરીએ છીએ. પણ જ્યારે આપણું મનગમતું ભગવાન અને સત્પુરુષ મુકાવે ત્યારે આપણે આપણા સ્વભાવો મૂકી શકતા નથી. માટે એમની આગળ ઠરાવ મૂકીને જેમ ભગવાન અને સત્પુરુષ રાખે તેમ રહેતા શીખવું. આજે સદાય રાજીપાની કમાણી કરી શક્યા તેવા પાત્રોને નિહાળી આપણે પણ એવું સરળ જીવન બનાવવાનો સંકલ્પ કરીએ.

એક વખત શ્રીજીમહારાજ ઘેલા નદીએ સ્નાન કરી પધારી રહ્યા હતા. ઘેલા નદીના કાંઠે કેટલાક તીર્થવાસીઓના પડાવ હતા. નદીનો પટ ખુલ્લો એટલે જે તીર્થવાસીઓ આવે તેમને ખુલ્લામાં રહેવું પડે. તેમજ ખુલ્લામાં જ રસોઈ કરવી પડે. સૂવું, બેસવું ને ઊઠવું વગેરેમાં અગવડ વેઠવી પડે. ચોમાસું, શિયાળો હોય તો વધુ મુશ્કેલી પડે. કેટલાક તીર્થવાસીઓ પર શ્રીજીમહારાજની દૃષ્ટિ પડી. તેઓ અગવડો ને દુઃખો વેઠીને રહેતા હતા તે દીઠું. શ્રીજીમહારાજનો એક સ્વભાવ હતો,

"કોઈને દુઃખિયો રે, દેખી ન ખમાય;
દયા આણી રે, અતિ આકળા થાય.
અન્ન ધન વસ્ત્ર રે, આપીને દુઃખ ટાળે;
કરુણા દૃષ્ટિ રે, દેખી વાન જ વાળે."

એટલે જ પડખે ઊભેલા જીવાખાચરને કહ્યું, "જીવાખાચર, તમે કાંઈ જોયું ?" જીવાખાચરે કહ્યું, "હે મહારાજ, શું કહ્યું ? કાંઈ સમજાયું નહીં." શ્રીજીમહારાજે કહ્યું, "આ નદીના કાંઠે તીર્થવાસીઓ ઊતર્યા છે તે જોયા ?" જીવાખાચરે કહ્યું, "હા મહારાજ, જોયા ને ! એમાં શું નવાઈ છે ? આ તો રોજનું છે." શ્રીજીમહારાજે કહ્યું, "જીવા બાપુ, આ તીર્થવાસીઓ જુઓને કેટલી હાડમારી વેઠે છે. આમનું કાંઈક વિચારવું પડે. અગવડ પડે નહિ અને સુખેથી બે-ચાર દા'ડા રહેવું હોય તો રહે એવું કાંઈક કરવું પડે."

જીવાખાચર સમજી ગયા કે તીર્થવાસી માટે મહારાજ કાંઈક ઉતારા-પાણીની સગવડ કરાવવા માગે છે. અને જો હું એમને હા કહીશ તો શ્રીજીમહારાજ મારે માથે ઢોળી દેશે. એટલે વાતને વાળતાં કહ્યું, "એની શું ચિંતા કરવાની ? મહારાજ, આ બધા તો રોજ નવા નવા આવ્યા કરે. એમ તો કેટલાને પહોંચી વળીએ ? અને આ બધામાં ક્યાં કોઈ આપણાં સગાં છે કે સત્સંગી છે તે આપણે એમની ચિંતા કરવાની હોય !"

જીવાખાચરનો પ્રત્યુત્તર સાંભળી શ્રીજીમહારાજ ચૂપ રહ્યા. અનંતકોટિ બ્રહ્માંડના અધિપતિના વચનને અધ્ધરથી ઝિલાયું નહિ એનું શ્રીજીમહારાજને દુઃખ થયું.

શ્રીજીમહારાજ દાદાના દરબારમાં પધાર્યા. સામા જ દાદાખાચર મળ્યા. શ્રીજીમહારાજે આ જ વાત દાદાખાચરને કહી, "દાદા, ઘેલા નદીએ તીર્થવાસીઓ ઊતર્યા છે. એમને અગવડો બહુ વેઠવી પડે છે. એટલે અમારી ઇચ્છા છે કે જો એમને ઊતરવા એક-બે ઓરડા બનાવ્યા હોય તો સારું. તો તે ઓરડા ક્યાં કરવા તે મૂંઝવણ છે." દાદાખાચરે કહ્યું, "અરે દયાળુ, એમાં શું મૂંઝાવા જેવું છે ? આ આખો દરબાર છે. તમે જ્યાં કહેશો ત્યાં ઓરડા બનાવી દઈએ. અને તમતમારે એ ચિંતા અમારી પર નાખી દો, તમે નિશ્ચિંત થઈ જાવ. બધુંય થઈ જશે."

દાદાખાચરનો જવાબ સાંભળી શ્રીજીમહારાજ રાજી રાજી થઈ ગયા અને મંદ હાસ્ય એમના મુખારવિંદ પર છવાઈ ગયું. ત્યાં વળી દાદાખાચરને કાંઈક સાંભર્યું ને કહ્યું, "મહારાજ ! તીર્થવાસીઓ માટે ઓરડા નવા કરીએ એમાં તો વારેય લાગે, જો તાત્કાલિક તીર્થવાસીની વ્યવસ્થા કરવી હોય તો એક ઉપાય છે." મહારાજે કહ્યું, "શું ઉપાય છે ?" દાદાખાચરે કહ્યું, "મહારાજ, આ અમે જે રહીએ છીએ તે બે ઓરડા ખાલી કરી દઈએ અને આ ઓરડાની પછીતે (પાછળના ભાગે) રસ્તો પડે છે ત્યાં બારણું મુકાવી દઈએ તો તરત થઈ જશે. જો આપ એમાં રાજી હોય તો કરી દઈએ."

શ્રીજીમહારાજે કહ્યું, "દાદાખાચર, આ તો ઘર બાળીને તીરથ કરવા જેવું થયું. તે પછી તમે ઘરના બધાય સભ્યો ક્યાં રહેવા જશો ? આ તો તમારે રહેવાના ઓરડા છે." દાદાખાચરે કહ્યું, "મહારાજ, અમારાં ઘરનાં બાઈઓ બધાય સાંખ્યયોગી બાઈઓની જોડે રહેશે અને હું તમારા સંતોની જોડે પડ્યો રહીશ. અમારી કોરની કોઈ અગવડનો વિચાર ન કરશો. દયાળુ ! પણ આપનો જે સંકલ્પ હોય એ પૂરો કરો, દયાળુ..."

દાદાખાચરનો આવો અતિશે મહિમા અને મહારાજનો પડ્યો બોલ ઝીલતા જોઈ શ્રીજીમહારાજ અતિશે રાજી થઈ ગયા. આને કહેવાય આજ્ઞાપાલનમાં સરળતા. એટલે જ,

જે નમી ગયા, તે જ શ્રીજીને ગમી ગયા,
જે કટ દઈને વળી ગયા, તે જ પ્રભુને ગમી ગયા;
જે સાવ સરળ થઈ ગયા, તે જ વ્હાલાને ગમી ગયા,
જે પોતાના અસ્તિત્વનો પ્રલય કરી શક્યા,
તે જ પ્રભુને ગમી ગયા;
જે અંતરથી હાથ જોડી શક્યા, તે જ વ્હાલાને ગમી ગયા.

આપણે પણ વ્હાલાના વ્હાલા થવું છે. આપણે પણ પ્રભુના પ્યારા થવું છે. આપણે પણ મહાપ્રભુના અંતરનો રાજીપો કમાવો છે. તો આવો, આપણું જીવન પણ સાવ સરળ બનાવીએ.

સ્વતપાસ કરીએ. આપણને મળેલા દિવ્ય સત્પુરુષ વ્હાલા ગુરુજીની આજ્ઞા સરળતાથી અધ્ધર ઝીલી શકીએ છીએ ? ઘર-પરિવારમાં વડીલ, ઉંમરમાં મોટા હોય તેમની આજ્ઞામાં વર્તાય છે ? ક્યારેક આપણે આપણાથી મોટાની આગળ તો નમી શકીએ. પરંતુ આપણાથી નાના કે બરોબરિયા આગળ સરળ નથી થઈ શકાતું. કારણ, આપણો અહમ્... આપણો પોતાપણાનો ભાવ... તેના કારણે રાજીપાના માર્ગમાં રુકાવટ આવી જાય છે માટે દૃઢ સંકલ્પી બનીએ. ગુરુજીને રાજી કરવા; હેપી ફેમિલિ કરવા સૌની આજ્ઞા સરળતાથી અધ્ધર ઝીલતા થઈએ.



# કરુણાસાગર

જનની બની સદાય, રહ્યા છો અમ સાથે,
આપ જેવા ગુરુવર આપી, કૃપા વરસાવી નાથે.

બગીચામાં લહેરાઈ રહેલાં, ખીલેલાં રંગબેરંગી ફૂલો માળીની મહેનત અને માવજતનું દર્શન કરાવે છે. અહીં વાત મહેનતની તો ખરી જ પરંતુ માવજત સાથે કરવામાં આવેલી મહેનતની છે. ઉછેર કરવો અને જતન કરવું એ બંને બાબત અલગ છે. ઘાસ તો ગમે ત્યાં ઊગી નીકળે. પણ આંબો વાવ્યો હોય તો મહેનત સાથે માવજત કરવી પડે ત્યારે જ કેરીરૂપી ફળની પ્રાપ્તિ થાય છે. આજે વાત મને મળેલા મોટાપુરુષની કરવી છે. ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીએ કાંટાળી કેડી પર ચાલીને આ એસ.એમ.વી.એસ.રૂપી લીલીછમ ફૂલવાડી તૈયાર કરી છે. એ દિવ્યપુરુષોએ વેઠેલા કષ્ટોના તો આપણે સૌ સાક્ષી છીએ.

દિવસ-રાત જોયા વિના અપાર-અથાગ વિચરણ કરી, પંચવિષયમાં ચકચૂર બનેલા આપણને મહારાજની સર્વોપરી નિષ્ઠા કરાવી દીધી. નિર્મળ અને ચોખ્ખાં જીવન કરી શ્રીજીમહારાજના ખોળે બેસાડી દીધા. હે ગુરુજી ! આપનો શું આભાર માનું ? ક્યાંથી શરૂ કરું ? ક્યાં પૂરું કરું ? શું ગાઉં ? નિઃશબ્દ છું. કરુણા... કરુણા... કરુણા... અપાર કરુણા. બિલાડાને આખો માખણમાં બેસાડી દીધો છે. હવે બિલાડો માખણ વિનાનો રહે તો વાંક બિલાડાનો છે. આજે આપણા જે કંઈ હસતા કે ખીલેલા ચહેરા છે તેનું કારણ વ્હાલા ગુરુજીએ આપણા સૌની કરેલી માવજત છે. આજે એ દિવ્યપુરુષે એક એક હરિભક્તનું કેટલું જતન કર્યું છે; તેનું દર્શન કરી કરુણાસાગરમાં ડૂબકી લગાવી ભર્યા થઈએ.

તા. ૨-૩-૨૦૨૫ ને રવિવારના રોજ સુરત ખાતે વ્હાલા ગુરુજીનું વિચરણ ગોઠવાયું હતું. પ્રાણપ્યારા હરિકૃષ્ણ મહારાજ સંગે વ્હાલા ગુરુજી ડભોલી ખાતે વિનોદભાઈ ગોંડલિયાના ઘરે પધરામણી અર્થે પધાર્યા. વિનોદભાઈએ મહારાજ તથા ગુરુજીના સ્વાગત માટે ઍપાર્ટમૅન્ટના ગેટથી પહેલા માળે પોતાના ઘર સુધી ફૂલોની ચાદર કરી હતી અને ઘર પણ ફૂલોની સેરોથી શણગાર્યું હતું. સાથે હરિકૃષ્ણ મહારાજ માટે ફ્રૂટનો અન્નકૂટ પણ કર્યો હતો. રસ્તામાં ગુરુજીએ સંતો જોડેથી વિનોદભાઈ અને તેમના દીકરા અંગે જરૂરી માહિતી મેળવી લીધી હતી. ઠાકોરજીની આરતી કર્યા બાદ ગુરુજીએ વિનોદભાઈને પૂછ્યું કે, “તમે શું કરો છો ? અને હીરામાં અત્યારે કેવું ચાલે છે?” તેમણે હીરા માર્કેટની મંદી વિષે ગુરુજીને જણાવ્યું. ગુરુજીએ સંતો, વિનોદભાઈ અને અન્ય હાજર ઘરના હરિભક્તોને બેસાડીને જણાવ્યું કે, “અમે આવીએ કે સંતો પધારે ત્યારે આમ આગતા-સ્વાગતા ન કરવી. અત્યારે આર્થિક મંદી ચાલે છે તેવા સમયમાં અમારે તમારી પરિસ્થિતિ સમજવી જોઈએ. તમારી જગ્યાએ સેવક હોય અને સંતો પધારતા હોય તો હું પણ આવું જ કરું. ઠાકોરજી અને સંતો આપણા ઘરે હોય ક્યાંથી ? તમારો ભાવ સાચો છે પણ અત્યારે આવી મંદીના વાતાવરણમાં આવું ન કરવું એવી અમારી તમને સૌને આજ્ઞા છે. અત્યારે એક જ હાર લાવવાનો, મહારાજને અન્નકૂટ પણ નહિ

કરવાનો. મહારાજ તો આપણા પ્રેમના ભૂખ્યા છે. જેતલપુરના જીવણ ભગતને ત્યાં ડોડીની ભાજી જમીને પણ મહારાજ રાજી થયા હતા.'' ગુરુવરનાં વચનો સાંભળી મારું મન મંથનમાં લાગ્યું.

''અતિ દયાળુ રે, સ્વભાવ છે સ્વામીનો;
પરદુઃખહારી રે.''

મહારાજ કોઈને દુખિયો દેખી ન શકતા. તેમ ગુરુજી પણ કોઈને દુઃખી ન જોઈ શકે. કેમ કે મુક્ત તો મૂર્તિમાં છે અને તેમની એવી એકતા છે. અવરભાવમાં વ્હાલા ગુરુદેવ પ.પૂ. બાપજી બિરાજતા ત્યારે દરરોજ પ્રાતઃ સમયે વહેલા ઊઠી હરિભક્ત સમાજની સુખાકારી માટે નિત્યપ્રત્યે પ્રાર્થના કરી આપણું જતન કર્યું છે, સુખિયા કર્યા છે. વર્તમાનકાળે ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી પણ આપણા સૌ માટે માળા-પ્રાર્થના કરે છે. જેના આપણે સૌ કોઈ સાક્ષી છીએ. ગુરુજીના સ્થાને અન્ય કોઈ હોય તો તેમને તો મનાવું-પૂજાવું ગમે. પણ આ દિવ્યપુરુષની તો શું વાત કરવી ? સાજું બ્રહ્માંડ ફરી આવો પણ મને જેવા ગુરુ મળ્યા છે તેવા બીજા કોઈને નથી મળ્યા એ વાતનો કેફ છે, મસ્તી છે.

ગુરુજીએ સંતોને કહ્યું, ''આ અન્નકૂટ માટે ફ્રૂટ લાવ્યા તે પાંચસો રૂપિયાનું તો હશે ને ? સાથે ફૂલોનો ખર્ચો પણ થયો હશે. હવે અહીંથી આગળ જ્યાં જ્યાં પધરામણીએ જવાનું છે ત્યાં કહી દો કોઈ ખોટા ખર્ચા ન કરે. સંતો, તમે પણ પધરામણીમાં જાવ ત્યારે પણ આવું જ કહેવાનું.'' વધુમાં ગુરુજીએ વિશેષ લાભ આપતાં જણાવ્યું કે, ''મુક્તો, તમે બે બોર લાવો કે એક સફરજન લાવો તેમાં પણ અમે ઘણું આવી ગયું તેમ સમજી લઈશું. અમે આપના ઘરે પધરામણીમાં વસ્તુ લેવા માટે નથી આવતા; તમારા પ્રેમને વશ થઈને આવીએ છીએ.''

''કોઈને દુઃખિયો રે, દેખી ન ખમાય.''

મુક્તો, આ દિવ્યપુરુષની પરભાવી મોટપનો આપણને સૌને ખ્યાલ છે. છતાંય અવરભાવમાં આપણી જનની બની, આપણા સ્થાને બેસી આપણી ચિંતા રાખી છે. માતૃવાત્સલ્યનો એક એવો ખોળો કે જ્યાં કોટિ જનનીનાં હેત પણ ઓછાં પડી જાય. નિરંતર મહાત્મ્યના આ વિચારમાં ડૂબેલા રહી સુખિયા રહેવું. આગળ વધુમાં ગુરુજીએ લાભ આપતાં જણાવ્યું, ''થોડા દિવસ પહેલાં અમે વડોદરા-પેટલાદ વિચરણમાં હતા. આયોજન પ્રમાણે પધરામણી ચાલુ હતી. તે પૈકી એક હરિભક્તને ત્યાં પધરામણી અર્થે ગયા. તેમની સ્થિતિ સારી ન હતી. છતાં તેઓ ઠાકોરજી અને સંતો માટે ઘણું ફ્રૂટ લાવેલા. તેઓ પોતે રિક્ષા ચલાવે છે અને જોડે નોકરી પણ કરે છે. તેમને ત્રણ દીકરા છે. સેવકે તેમને પૂછ્યું, આ ફ્રૂટ તમે ઘરે જમવા માટે લાવો ખરા ? તેમણે ના પાડી. ત્યારે અમે કહ્યું, અમે આમાંથી માત્ર એક સફરજન લેશું. તમારી સેવા આમાં આવી ગઈ. બાકીનું ફ્રૂટ તમે અને બાળકો જમાડજો.'' આમ જણાવી ગુરુજીએ સંતોને જણાવ્યું કે, ''હવે જેટલી પધરામણી થાય તેમાં આ બાબતનું ખાસ ધ્યાન રખાવજો. તો જ અમે રાજી થઈશું.'' અંતમાં ગુરુજીએ વિનોદભાઈના દીકરા પાર્થને કહ્યું કે, ''તમારે ભણવાની તકલીફ હોય તો ચિંતા ન કરતા. જરૂર હોય તો કહેજો.'' આટલું જણાવ્યા પછી જ ગુરુજી ઘરમાં પગલાં કરવા પધાર્યા.

વાહ ! મારા ગુરુવર ! શું આપની કરુણામયી દૃષ્ટિ !!

એક આ લોકનાં સગાંસંબંધી પણ ઘરે બેસવા આવતા હોય તોય હૈયામાં આનંદ હોય, ઉમંગ-ઉત્સાહથી તેમની આગતા-સ્વાગતા કરી તેમને જમાડતા હોઈએ છીએ. તો આ તો સ્વયં રાજાધિરાજ અને આપ જેવા દિવ્યપુરુષ કે જે અમારાં ખરાં માવતર છો. આપ પધારતા હોય તો તો હૈયામાં અપાર આનંદ હોય જ. આપને જમાડવાનો, આપના સ્વાગતનો લાભ અમારા સુધી હોય જ નહીં. તેમ છતાં આ પરિસ્થિતિમાં પણ આપ અમારા અવરભાવની ચિંતા કરો છો એ જોઈ હૈયું ભરાઈ જાય છે. આપને તો બસ આજ્ઞા જ કરવાની હોય ગુરુવર ! આપના વચને શું ન થાય ? આપે અમને ટકોરા મારી મારીને ઘડ્યા છે. આજે આ સત્સંગ સમાજની લીલીવાડી આપના સાંનિધ્યથી જ ફૂલીફાલી છે. હે મહારાજ ! આપે કેવા કૃપાવંત બનાવ્યા કે ગુરુદેવ અને ગુરુજીરૂપી બબ્બે માવડીના ખોળા ખૂંદવા મળ્યા છે. છોરું કછોરું થાય પણ આપ માવતર તરીકેની ફરજ ક્યારેય ચૂક્યા નથી અને ચૂકશો પણ નહીં. અમારામાં હજારો વાંક-ગુના હશે, હજારો દોષ-અવગુણ હશે તેને ધ્યાન પર લીધા નથી ને લેતા પણ નહીં. હે ગુરુજી ! આપના સાંનિધ્ય વિનાની દુનિયા અમે કલ્પી પણ શકતા નથી. સદાય અમ પર આપનું શિરછત્ર બનાવી રાખજો એવી ભાવપૂર્ણ પ્રાર્થના.

મોટાપુરુષ આ લોકમાં બિરાજતા હોય ત્યારે ખપ અને ખટકો રાખી તેમને સેવી લેવા. આવો સમો વારે વારે ન આવે. ખૂબ કૃપાવંત છીએ કે મહારાજે આ દિવ્યપુરુષનું સાંનિધ્ય આપી દીધું. મોટાના સમાગમના ભૂખ્યા થવું, આગ્રહી બનવું અને અંગ બદલી નાખવા તો મોટાના રાજીપાનાં પાત્ર બની જવાય. સુખિયા બની જવાય.



# શિક્ષાપત્રી

## Manual of Mankind

એક ભાઈએ કહ્યું કે, 'રિચ (Rich-સુખી) લોકો જ સ્વામિનારાયણ ધર્મ પાળે છે.' પણ વાસ્તવમાં એવું નથી. જે લોકો સ્વામિનારાયણ ધર્મ પાળે છે તે રિચ (સુખી-સમૃદ્ધ) બની જાય છે. લોકો પણ એવું કહેતા હોય છે કે, સ્વામિનારાયણ ધર્મ પાળનાર સુખી બહુ હોય છે. તેનો શ્રેય શિક્ષાપત્રીમાં પ્રબોધેલ મહાપ્રભુ ભગવાન સ્વામિનારાયણની આજ્ઞાઓ છે. શિક્ષાપત્રી એ મહાપ્રભુ ભગવાન સ્વામિનારાયણના સ્વહસ્તે થયેલું સર્જન છે. કોઈ ઇષ્ટદેવે પોતાના આશ્રિતજનને સ્વહસ્તે લખેલો ધર્મગ્રંથ આપ્યો હોય એવું બન્યું નથી. માત્ર એક સ્વામિનારાયણ સંપ્રદાયને મહાપ્રભુ ભગવાન સ્વામિનારાયણના સ્વહસ્ત લિખિત શિક્ષાપત્રી અને સ્વમુખવાણી વચનામૃત એમ બે ધર્મગ્રંથ પ્રાપ્ત થયા છે. તેમાં શિક્ષાપત્રીને માત્ર સાંપ્રદાયિક ન રહેવા દેતાં એને સર્વજીવહિતાવહી બનાવી છે. મનુષ્ય જીવનમાં ધર્મતત્ત્વ અને ધાર્મિક આચારસંહિતા ભળે ત્યારે જ પશુ કરતાં મનુષ્ય જુદો પડે. શિક્ષાપત્રી એ સાંસારિક શાણપણ વધારતી અને અધ્યાત્મનાં ઉચ્ચ શિખરો દેખાડતી અદ્ભુત માર્ગપત્રી છે. ત્યારે આજે જરા થોડું એના વિષે જાણીએ.

૨૦૦ વર્ષ પૂર્વે લખાયેલ ટચુકડા એવા ધર્મગ્રંથ શિક્ષાપત્રીમાં મહાપ્રભુ ભગવાન સ્વામિનારાયણે એવા તે કેવા હસ્તાક્ષર પાડ્યા છે કે તેને અનુસરતો અનુયાયી વર્ગ સમાજના તમામ ક્ષેત્રે ઉન્નત મસ્તકે, સુખ અને સમૃદ્ધિથી લચકતું અને ગૌરવવંતું, ભર્યું-ભાદર્યું, આદરણીય સ્થાન પામે છે !

૧૮મી સદીમાં લખાયેલ શિક્ષાપત્રી એ તે સમયના દેશકાળને સુસંગત અને સ્તુત્ય હતી; એટલી જ બલ્કે તેથી વધારે આજે ૨૧મી સદીમાં આ શિક્ષાપત્રી સુસંગત, આનુષંગિક અને સ્તુત્ય લાગી રહી છે. અને એટલે જ શિક્ષાપત્રીને ત્રિકાળાબાધિત ગ્રંથ કહ્યો છે.

लिखामि सहजानन्दस्वामी सर्वान्निजाश्रितान् ।
नानादेशस्थितान् शिक्षापत्रीं वृत्तालयस्थितः ॥२॥

વડતાલ ગામે... ગોમતીજીને કાંઠે... નારાયણ મહોલ મધ્યે... શ્રીજીમહારાજે સર્વજીવહિતાવહ નિજઆશ્રિત હિતાર્થે સંકલ્પ કર્યો સત્સંગ કેરી આચારસંહિતા રચવાનો. જે હેતુથી સંવત ૧૮૮૨, કાર્તિક સુદ એકાદશીએ શિક્ષાપત્રી લખવાનો મંગલ પ્રારંભ કર્યો. જેનું સંવત ૧૮૮૨, મહા સુદ પાંચમના (ઈ.સ. ૧૮૨૬, ૧૨ ફેબ્રુઆરી, વસંતપંચમીના) રોજ બપોરે ૧૧ વાગ્યે સંતો-હરિભક્તો સમક્ષ વાંચન કરી વિમોચન કર્યું.

### શિક્ષાપત્રીનું વિહંગાવલોકન

શિક્ષાપત્રી એ સ્વામિનારાયણ સંપ્રદાયની આચારસંહિતા છે. જોકે એ માત્ર Code of Conduct નથી. તેમાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષને પણ મૂકેલાં છે. શ્રીજીમહારાજે પોતાના તમામ આશ્રિતોને આ શિક્ષાપત્રી સાવધાનપણે પ્રીતિપૂર્વક પાળવાનું કહ્યું છે. મોંઘો મનુષ્યજન્મ મળ્યો છે. એનો ઉપયોગ કેમ કરવો ? તે ફોગટમાં વેડફાઈ ન જાય એટલા માટે કેવું જીવન જીવવું ? કેવી રીતે વર્તવું ? તેની અદ્ભુત રીત શિખવાડતી આ શિક્ષાપત્રી છે. તેથી એને Manual of mankind પણ કહી શકાય. આપણે મોબાઇલ ફોન, કમ્પ્યૂટર કે ટી.વી. ખરીદીએ છીએ તેની સાથે તેનું યૂઝર મૅન્યુઅલ પણ આપતા હોય છે. જેથી કરીને તેનો ઉપયોગ કેમ કરવો એ સરળતાથી ખબર પડે છે. એમ મોંઘા મનુષ્યજન્મનું યૂઝર મૅન્યુઅલ કોઈ ખરું ? તેનો ઉપયોગ કેમ કરવો એની કોઈ માહિતી ખરી ? શિક્ષાપત્રી એ મનુષ્યજન્મનું યૂઝર મૅન્યુઅલ છે. જે મનુષ્યજીવન જીવવાની, સંસારમાં સુખે રહેવાની રીત બતાવે છે.

શિક્ષાપત્રી એટલે શિખામણની પત્રી (આજ્ઞાપત્રી). Does and don't, શું કરવું અને શું ન કરવું એ શિખવાડે છે. આપણે ભૌતિક નિયમો પાળીએ છીએ, કાયદાને માન આપીએ છીએ, ગાડી ડ્રાઈવિંગ કરીએ તો એના નિયમ અનુસાર ચલાવવી પડે છે. સ્કૂલ કે કોઈ કંપનીના પણ ચોક્કસ નિયમો હોય છે. તેનો ફરજિયાતપણે અમલ કરવો પડે અથવા તો તેણે દંડ સહન કરવા તૈયાર રહેવું પડે. તો પછી શિક્ષાપત્રીમાં સ્વયં પ્રભુએ નિયમો બાંધેલા છે. દરેક વર્ગના ચોક્કસ નિયમો કરી દીધા છે. આચાર્ય, બ્રહ્મચારી, સાધુ, હરિભક્તો, સુવાસિની અને વિધવા બાઈઓ દરેકના આગવા નિયમો આપેલા છે.

તે પ્રમાણે અમલ કરવાનું પણ શ્રીજીમહારાજે કહ્યું છે. **"તે માટે અમારા શિષ્ય એવા જે તમે સર્વે, તેમણે તો પ્રીતિએ કરીને આ શિક્ષાપત્રીને અનુસરીને જ નિરંતર સાવધાનપણે વર્તવું પણ આ શિક્ષાપત્રીનું ઉલ્લંઘન કરીને વર્તવું નહીં."**

- શિક્ષાપત્રી : શ્લોક-૧૦

લૌકિક નિયમનો ભંગ થાય તો દંડ થાય. તો પછી શિક્ષાપત્રીના નિયમનો ભંગ થાય તો મહારાજ દંડ ન કરે ? કરે જ..!

**"અમારી લખેલી જે શિક્ષાપત્રી તેનો પાઠ અમારા આશ્રિત જે ત્યાગી, સાધુ તથા બ્રહ્મચારી તથા ગૃહસ્થ બાઈ-ભાઈ, સર્વે તેને નિત્ય કરવો. અને જેને ભણતાં ન આવડતું હોય તેને નિત્યે શ્રવણ કરવું. અને જેને શ્રવણ કરવાનો યોગ ન આવે તેને નિત્યે શિક્ષાપત્રીની પૂજા કરવી, એવી રીતે અમે શિક્ષાપત્રીમાં જ લખ્યું છે, માટે એ ત્રણમાંથી જેને ફેર પડે તેને એક ઉપવાસ કરવો એમ અમારી આજ્ઞા છે.** એવી રીતની જે શ્રીજીમહારાજની આજ્ઞા તેને પાળવાનો નિયમ એ સર્વેએ ધાર્યો જે, હે મહારાજ ! જેમ તમે કહો છો તેમ અમે સર્વ પાળીશું. તેને સાંભળીને શ્રીજીમહારાજ અતિશે પ્રસન્ન થઈને સર્વે સાધુને ને સર્વે બ્રહ્મચારીને મળતા હવા અને સર્વે સત્સંગીના હૃદયને વિષે પોતાનાં ચરણારવિંદ આપતા હવા. -વચ. ગ.છે. ૧

શિક્ષાપત્રીમાં દરેક વર્ગના નિયમો બતાવ્યા છે ને દરેક વર્ગને

નિત્ય વાંચવાનું કહ્યું છે. ખરેખર તો જે વર્ગને જે નિયમો લાગુ પડતા હોય અથવા જે આશ્રમમાં પોતે રહ્યા હોય તે જ નિયમો વાંચવા તેમને યોગ્ય છે. બીજાના નિયમો શું કામ વાંચવા ? શિક્ષાપત્રીમાં તમામ વર્ગના નિયમો દર્શાવી તમામના ધર્મને ખુલ્લા મૂકી દીધા છે. તે તમામ વર્ગ એકબીજાના ધર્મ વાંચી શકે કે જેથી એકબીજાના ધર્મની ખબર હોય તો તે પ્રમાણે વર્તે છે કે કેમ તેની ખબર પડે અને એકબીજાને ટકોર થાય. એ રીતે શિક્ષાપત્રીને એક Open Book કહી શકાય. પોતાના આશ્રિતોના વર્તનમાં શુદ્ધતા જળવાઈ રહે અને ભક્તનું જીવન પારદર્શી બને તે હેતુથી શિક્ષાપત્રીને શ્રીજીમહારાજે જનસમૂહ સમક્ષ ખુલ્લી મૂકી દીધી છે. વળી, શિક્ષાપત્રીને એકાગ્ર મને કરીને ધારવી એમ કહ્યું છે તે હેતુપૂર્વક કહ્યું છે. શિક્ષાપત્રીના શ્લોકો દ્વિઅર્થી છે. જેના દરેક શ્લોકમાં પરોક્ષાર્થ અને પ્રત્યક્ષાર્થ રહેલો છે. કેટલાક શ્લોકનો જો બેઠો જ ઉતારો કરવામાં આવે તો થાપ ખાઈ જવાનો પૂરો સંભવ છે. એટલે શિક્ષાપત્રી માત્ર વાંચીને પાળવી એવું નહિ, પણ તેનો પ્રત્યક્ષાર્થ સમજીને પાળવી તો જ શ્રીજીમહારાજની પ્રસન્નતા થાય.

રાજકોટ મુકામે સર માલ્કમ સાથે ઈ.સ. ૧૮૩૦, ૨૬મી ફેબ્રુઆરીના રોજ શ્રીજીમહારાજની મુલાકાત વેળાએ સર માલ્કમે શ્રીજીમહારાજને પૂછ્યું કે, “આપનો કોઈ ધર્મગ્રંથ કે કોઈ Code of Conduct જેવું હોય તો આપો.” એ વખતે શ્રીજીમહારાજે પ્રસન્ન થઈ પોતાના સ્વહસ્તે લખેલી શિક્ષાપત્રી તેમને ભેટમાં આપેલી. તેમણે શિક્ષાપત્રીને માથે ચઢાવી વંદન કર્યા. એ વખતે સાથે દાદાખાચર પણ પધારેલા. એમણે રાજ-રસમ મુજબ સર માલ્કમને રોઝો ઘોડો ભેટમાં આપ્યો. ત્યારે સર માલ્કમે કહ્યું કે, “આ શિક્ષાપત્રી મને મળી છે તે તમારા હજાર ઘોડા આપ્યા કરતાં પણ મારે મન અધિક છે.” શ્રીજીમહારાજે શિક્ષાપત્રીમાં શું લખ્યું છે કે એમનો શો સંદેશો છે તે જાણવા તેઓ ઉત્સુક હતા પણ એમને સંસ્કૃત આવડતું નહોતું. એટલે તેમણે લંડન ઑક્સફર્ડ યુનિવર્સિટીના સંસ્કૃતના પ્રોફેસર મોનીપર વિલિયમ્સ પાસે અંગ્રેજી ભાષામાં ભાષાંતર કરાવેલું. પછી તે વાંચી ખુશ થયેલા. એ શ્રીજીમહારાજે સ્વહસ્તે ભેટમાં આપેલી શિક્ષાપત્રી લંડન ખાતે ઑક્સફર્ડની બુડોલિયન લાઈબ્રેરીમાં હજુ પણ યથાવત્ સચવાયેલી જોવા મળે છે.

### શિક્ષાપત્રી વિષે મહાનુભાવોના અભિપ્રાયો

“તત્કાલીન સમાજ એવી સંસ્કારહીન દિશામાં ધકેલાઈ ગયો હતો કે, એને ક્યાં થૂંકવું અને ક્યાં ન થૂંકવું એવા સામાન્ય આચારની પા-પા પગલીઓ પાડી પગ માંડતા શીખવવું પડે તેમ હતું. અને સ્વામિનારાયણ ભગવાને તે કાર્ય જીવન માર્ગદર્શિકા શિક્ષાપત્રી આપીને કર્યું. હિંસા, ચોરી, અસત્ય, વ્યભિચાર, જુગાર વગેરેની ગંદકીમાંથી કૂદીને બહાર નીકળવાનું જોમ માનવીમાં આ શિક્ષાપત્રી દ્વારા આપ્યું. સ્વધર્મની કર્તવ્યતા જીવનમાં દૃઢ કરાવી. નિયમોની પાછળ રક્ષાયેલ સ્વધર્મ પાલનનો એવો સાફ માર્ગ બનાવી આપ્યો કે ક્યાંય ઠોકર ન વાગે. એને ઉપર સડસડાટ ચાલતો માણસ આધ્યાત્મિક શિખરને આંબી શકે.” -ઈશ્વર પેટલીકર

“જો દેશના લોકો શિક્ષાપત્રીની આજ્ઞાઓનું પાલન કરે તો દેશમાં ફોજદારી કાયદો, પોલીસ અને અદાલતોની ઓછામાં ઓછી જરૂર પડે.” -સરદાર વલ્લભભાઈ પટેલ

જોયું મુક્તો, શિક્ષાપત્રી છે નાની, દેખાય છે નાની પણ જાણે ગાગરમાં આખો સાગર. એટલે જ કહેવાય છે ને કે,

“શિક્ષાપત્રી એટલે ગાગરમાં સાગર.”

“શિક્ષાપત્રી સર્વ શાસ્ત્રોના દોહનરૂપ કલ્યાણની સીડી છે. તેનો ઉપલો છેડો આધ્યાત્મિક શ્રેયની સર્વોચ્ચ ભૂમિકાને લાગેલો છે; જ્યારે નીચલો છેડો છેક સામાન્ય લોકજીવનની ભૂમિકા ઉપર ઠેરવેલો છે. તે બંને છેડા વચ્ચે ઉચ્ચ આદર્શને લક્ષમાં રાખીને વ્યવહારુ રીતે ચડી શકાય તેવા સરળ પણ દૃઢ પગથિયાં ગોઠવેલાં છે.” -ત્રિભુવન વ્યાસ

### શિક્ષાપત્રી વિષે જાણવા જેવું અવનવું

- ઈ.સ. ૧૮૨૩માં શિક્ષાપત્રી ૧૪૯ શ્લોકની હતી. જે ઈ.સ. ૧૮૨૬માં ૨૧૨ શ્લોકની બની.
- શિક્ષાપત્રી સંસ્કૃત ભાષામાં રચાઈ. સદ્. નિત્યાનંદ સ્વામીએ તેનું ગુજરાતીમાં ભાષાંતર કર્યું ને શતાનંદ મુનિએ સત્સંગિ જીવનના ચોથા પ્રકરણમાં મૂકી.

● આઠેય દિશામાં રહેતા પોતાના આશ્રિતોને એક એક આપવા માટે શિક્ષાપત્રીની સર્વ પ્રથમ ૮ પ્રત બહાર પડી. તેમાંની એક પ્રત સર માલ્કમને રાજકોટ ખાતે ૨૬ ફેબ્રુઆરી, ૧૮૩૦ના દિવસે આપેલી.

● શિક્ષાપત્રીમાં લેખક તરીકે સહજાનંદ સ્વામી નામનો ઉપયોગ કર્યો છે. આખી શિક્ષાપત્રીમાં સ્વામિનારાયણ નામ ક્યાંય આવતું નથી પણ પોતાના અનાદિ શ્રીકૃષ્ણ એવા નામનો ઉલ્લેખ ૩૬ વખત કરવામાં આવ્યો છે.

● શિક્ષાપત્રીને બનારસ હિન્દી યુનિવર્સિટીમાં પાઠ્યપુસ્તક તરીકે ભણાવવામાં આવે છે.

● શિક્ષાપત્રીનું દેશની કુલ ૧૦ ભાષામાં ભાષાંતર થયેલું જોવા મળે છે. જેવી કે, બંગાળી, ગુજરાતી, હિન્દી, મરાઠી, સંસ્કૃત, તામિલ, તેલુગુ, ઊડિયા, ઉર્દૂ અને વ્રજ ભાષા અને વિદેશની ૧૮ એમ કુલ મળી ૨૮ જેટલી ભાષાઓમાં તેનું ભાષાંતર થયેલું જોવા મળે છે. વિદેશની ભાષાઓમાં આફ્રિકન, અરેબિક, ચાઈનીઝ, ડચ, અંગ્રેજી, ફિનિશ, ફ્રેંચ, જર્મન, ઈટાલિયન, હિબ્રૂ, નૉર્થ સોથો, પોર્ટુગીઝ, રશિયન, સ્પૅનિશ, સાઉથ સોથો, સ્વાહિલી, કોશી અને ઝૂલુ.

● સદ્. ગોપાળાનંદ સ્વામીએ મરાઠી ભાષામાં શિક્ષાપત્રી લખી છે. સદ્. મુક્તાનંદ સ્વામીએ હિન્દી ગદ્ય ને પદ્યમાં લખેલી છે. સદ્. નિષ્કુળાનંદ સ્વામીએ પદ્ય ચોપાઈમાં લખી છે. સદ્. બ્રહ્માનંદ સ્વામીએ ચારણી પદ્ય ને ગરબીમાં લખી છે. સદ્. પ્રેમાનંદ સ્વામીએ પદ્ય હિન્દીમાં ને અવધી ભાષામાં લખી છે.

● વ્હાલા ગુરુજીએ 'શિક્ષાપત્રી સાર'માં સાંપ્રત સમયના જીવનધોરણને લક્ષ લઈ શ્રીહરિના સંકલ્પો-આદર્શોની કેડી કંડારી છે. જેમાં મુમુક્ષુને કેવળ સુખપ્રાપ્તિ જ થાય છે.

**'શિક્ષાપત્રી સાર' એટલે...**

આપણા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીએ શિક્ષાપત્રીમાં રહેલ પરોક્ષાર્થમાત્રને દૂર કરી આશ્રિતને પુષ્ટિ થાય તેવી પ્રત્યક્ષાર્થથી ભરેલી 'શિક્ષાપત્રી સાર'ની રચનાનો સ્તુત્ય પ્રયાસ કરીને બહુ મોટી કૃપા કરી છે.

જેમ આજની વર્તમાન પરિસ્થિતિમાં વિદ્યાર્થીઓ માટે પુસ્તકોનું વાંચન એટલે કંટાળાજનક પરિસ્થિતિ. કારણ કે પુસ્તકમાં ઘણુંબધું માર્મિક હોય છે. ગૂઢાર્થભર્યું હોય છે. અને એટલા માટે આજના વિદ્યાર્થીઓને સમજવામાં સરળ પડે તે માટે પુસ્તકના સાર રૂપે અપેક્ષિતનું પ્રકાશન કરવામાં આવે છે. તેમ આ શિક્ષાપત્રીમાં પણ ઘણીબધી માર્મિક, ગૂઢાર્થ વાણી શ્રીજીમહારાજે લખી છે. તે સત્પુરુષ વગર સમજવી ઘણી અઘરી છે. સ્વયં શ્રીજીમહારાજે ગઢડા મધ્યના ૧૩મા વચનામૃતમાં એટલે જ કહ્યું છે, 'આવી ભગવત સ્વરૂપસંબંધી જે અધ્યાત્મ વાર્તા તે સત્પુરુષ પ્રગટ થાય તેના મુખ થકી જ સમજાય છે.' કારણ કે સત્પુરુષના સંપૂર્ણ કર્તા સ્વયં શ્રીહરિ હોય છે. શ્રીહરિના ગૂઢ અભિપ્રાયો તેઓ જ સમજાવી શકે. માટે વર્તમાનકાળે વ્હાલા ગુરુજી દ્વારા શ્રીજીમહારાજે શિક્ષાપત્રી સાર રચી સ્વયં પોતાના મૂળ કારણ સત્સંગનું સ્પેશિયલ શુદ્ધ શાસ્ત્ર આપી આપણને કૃપાવંત કર્યા છે. તેથી સૌને સમજવામાં સરળ પડે તે માટે શિક્ષાપત્રીના સાર રૂપે 'શિક્ષાપત્રી સાર'ની રચના કરી તેનું પ્રકાશન કરવામાં આવ્યું છે. આમ, અપેક્ષિત રૂપે આપણને 'શિક્ષાપત્રી સાર' આપી છે.

જેમાં સાદી અને સરળ ભાષામાં ગૃહસ્થોના તથા ત્યાગીના પંચવર્તમાનનો સમાવેશ કરવામાં આવ્યો છે. સત્સંગિ જીવન, શિક્ષાપત્રી તથા ગઢડા પ્રથમના ૭૮મા વચનામૃતની રહસ્યાર્થ ટીકાને આધારે આ શિક્ષાપત્રી સારની રચના કરવામાં આવી છે.

જેમ દહીંને વલોવીને તેમાંથી માખણ કાઢવામાં આવે છે. પછી તેને ગરમ કરીને ચોખ્ખું ઘી બનાવવામાં આવે છે. પછી તેમાં છાશનો ભાગ ના હોય તેમ 'શિક્ષાપત્રી સાર' એટલે ચોખ્ખું ઘી... આમ, 'શિક્ષાપત્રી સાર'માં શ્રીજીમહારાજની આજ્ઞા ને રુચિનો સ્પષ્ટ ખ્યાલ આપ્યો છે. જેમાં સંપૂર્ણ પ્રત્યક્ષાર્થ છે.

આમ, શિક્ષાપત્રી સારમાં આપણને સરળ રીતે સમજાય તેમ મહારાજની આજ્ઞા અને રુચિ જણાવી છે. તે પ્રમાણે વર્તીને શ્રીજીમહારાજને રાજી કરવા માટે મહાપથારી સુધી મંડ્યા રહીએ.

# ડભોલી-વરાછા (સુરત) દશાબ્દી ઉત્સવ










ઈ.સ. ૨૦૧૫માં સુરત ખાતે સૌપ્રથમ બે મંદિરોમાં એકસાથે દિવ્ય મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ ઊજવીને એસ.એમ.વી.એસ. દ્વારા કારણ સત્સંગનો દિગ્વિજય થયો. દિવ્ય સિંહાસનમાં મધ્ય ખંડમાં પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાન તથા અન્ય ખંડમાં જીવનપ્રાણ અબજીબાપાશ્રી અને કારણ સત્સંગની અમીરપેઢીના સદ્‌ગુરુશ્રીઓને બિરાજમાન થયે દસ વર્ષ પૂર્ણ થતાં તેનો દશાબ્દી પાટોત્સવ ઊજવવામાં આવ્યો હતો.

તા. ૨૮-૧૧-૨૦૨૫ ને શુક્રવારના રોજ સવારે ૭:૩૦થી ૧૦:૩૦ દરમ્યાન ડભોલી ખાતેથી દશાબ્દી ઉત્સવનો આરંભ થયો હતો. જેમાં પ.ભ. શ્રી ઘનશ્યામભાઈ મનજીભાઈ બોદરા પરિવારે ઘનશ્યામ મહાપ્રભુની છાબની સેવાનો લાભ લીધો હતો. છાબયાત્રા મંદિરે આવી પહોંચતાં જ વ્હાલા ગુરુજીએ સિંહાસનમાં બિરાજિત મૂર્તિઓનું તથા છાબનું પૂજન કર્યું હતું. ઘનશ્યામ મહાપ્રભુની આરતી ઉતાર્યા બાદ આનંદોત્સવનો લાભ આપી વ્હાલા ગુરુજીએ ઉપસ્થિત સૌ મુક્તોને દિવ્યવાણી દ્વારા ધન્ય બનાવ્યા હતા. પ્રાણપ્યારા હરિકૃષ્ણ મહારાજ તેમજ વ્હાલા ગુરુજીનાં દિવ્ય દર્શન-આશીર્વાદ પામી સૌ મુક્તો કૃતાર્થ બન્યા હતા. આજરોજ વ્હાલા ગુરુજીએ સાયંકાળે ૫:૩૦થી ૯:૦૦ દરમ્યાન વરાછા ખાતે દશાબ્દી ઉત્સવના પ્રોગ્રામમાં લાભ આપ્યો હતો. વ્હાલા ગુરુજીએ પ.ભ. શ્રી બકુલભાઈ નાનુભાઈ સુહાગિયાના ગૃહે પધારી છાબયાત્રાનો પ્રારંભ કરાવ્યો હતો. છાબયાત્રા મંદિરે આવી પહોંચતાં મંદિરના મુખ્ય પ્રવેશદ્વારથી મંદિર પરિસરમાં પ્રાણપ્યારા હરિકૃષ્ણ મહારાજ સંગે વ્હાલા ગુરુજીનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. સિંહાસન મધ્યે બિરાજમાન મૂર્તિઓનું પૂજન કરીને મહાઆરતી ઉતાર્યા બાદ વ્હાલા ગુરુજીએ આનંદોત્સવનો લાભ આપી સૌને સુખિયા કર્યા હતા.

દસ દસ વર્ષથી ઘનશ્યામ મહાપ્રભુ સૌ હરિભક્તોના મનોરથ પૂર્ણ કરતા હોઈ પ્રેમીભક્તોના ભાવને વશ થઈ સૌને પ્રાણપ્યારા હરિકૃષ્ણ મહારાજની રજત તુલાનો લાભ મળ્યો હતો. ત્યારબાદ વ્હાલા ગુરુજીનાં દિવ્ય દર્શન-આશીર્વાદનો તેમજ મહાપ્રસાદનો લાભ પામી ધન્યતા અનુભવી સૌ મુક્તો છૂટા પડ્યા હતા. આમ, આ સમગ્ર પ્રોગ્રામને સૌ સ્વયંસેવક મુક્તોએ પૂ. પૂર્ણસ્વામી, પૂ. વિનયસ્વામી, પૂ. સિદ્ધાંતસ્વામી, પૂ. નિત્યસ્વામી, પૂ. દયાળુસ્વામી, પૂ. મનનસ્વામીના દિશા સંચાલનમાં દીપાવ્યો હતો. લગભગ ૨૪૧૨થી પણ વધુ હરિભક્તો આ દિવ્ય દશાબ્દી ઉત્સવનો લાભ લેવાના સાક્ષી બન્યા હતા.

## ધંધુકા ખાતે ઊજવાયેલ દિવ્ય નૂતન સત્સંગ કેન્દ્ર ઉદ્‌ઘાટન સમારોહ









શ્રીહરિના પાવન ચરણકમળોથી પ્રસાદીભૂત બનેલ ભાલ પ્રદેશની ધન્ય ભોમકા પર ધંધુકા શહેરને આંગણે કારણ સત્સંગના નૂતન સત્સંગ કેન્દ્રનો ઉદ્‌ઘાટન સમારોહ ધામધૂમથી ઊજવાઈ ગયો. તા. ૧૦-૧૨-૨૦૨૫ ને બુધવારના રોજ સાંજે ૫થી ૯ દરમ્યાન વ્હાલા ગુરુજીના દિવ્ય સાંનિધ્યમાં આ સમસ્ત પ્રોગ્રામ દિવ્ય અને ભવ્ય રીતે સંપન્ન થયો.

આજથી ૧૨ વર્ષ પહેલાં ધંધુકામાં સત્સંગી હરિભક્ત તરીકે એકમાત્ર ધર્મેન્દ્રભાઈ યાદવનો પરિવાર હતો. તેઓના ૩ દીકરા યોગેશભાઈ, હિરેનભાઈ અને હરિઓમભાઈ પૈકી હરિઓમભાઈ વધુ અભ્યાસ અર્થે વાસણા રહેવા આવ્યા. અભ્યાસની સાથે નિત્યપ્રત્યે વાસણા મંદિરે દર્શન માટે આવી પૂ. સંતોની આજ્ઞાથી નાની-મોટી સેવા કરી રાજીપો કમાયા અને ત્યાંથી સત્સંગના રંગે રંગાયા. ઈ.સ. ૨૦૧૨માં ધંધુકા ખાતે સૌપ્રથમ વાર પ્રભારી સંત પૂ. નિર્ગુણસ્વામીની જાહેર સભાનું આયોજન ગોઠવાયું હતું. અને ત્યારથી ધંધુકા ખાતે સત્સંગ પ્રચાર-પ્રસારનો આરંભ થયો. ઈ.સ. ૨૦૧૫થી આ ધંધુકામાં પૂ. મૂર્તિસ્વામી સત્સંગ વિચરણ અર્થે પધારતા. પૂ. સંતો દ્વારા અહીં દર વર્ષે ચાતુર્માસ પારાયણ, શાકોત્સવ, ઉત્સવ સભા, સમૈયા, ઘેર ઘેર પધરામણી જેવાં આયોજનો થતાં. વ્હાલા ગુરુજીની આજ્ઞાથી પૂ. નિર્મળસ્વામી, પૂ. આજ્ઞાસ્વામી, પૂ. આદર્શસ્વામી, પૂ. ત્યાગસ્વામી આદિ પૂ. સંતોએ સત્સંગ પ્રચાર-પ્રસારની સેવામાં ખૂબ વિચરણ કર્યું હતું. પરિણામે દિવસે દિવસે સત્સંગ ખૂબ વૃદ્ધિ પામ્યો.

ધંધુકા ખાતે સત્સંગ પ્રચારમાં ધર્મેન્દ્રભાઈ તથા તેઓના પરિવારના તમામ સભ્યોએ પાયાની ભૂમિકા ભજવી છે. ધર્મેન્દ્રભાઈ પૂ. સંતોની આજ્ઞાથી દરરોજ રાત્રે ઇકો ગાડીમાં વિડિયો પ્રૉજેક્ટર, પાથરણાં, પ્રસાદી લઈ ગુરુજીની દિવ્યવાણીનો લાભ સૌને અપાવતા. તેમના પરિવારના સભ્યો પણ પત્રિકા વહેંચવી, નાની-મોટી સેવા બજાવવામાં ધર્મેન્દ્રભાઈ સાથે ખભેખભો મિલાવી સહકાર આપતા. મહારાજ ખૂબ ભેગા ભળ્યા. સત્સંગ સમાજ વધ્યો અને મંદિરની જરૂર જણાવા લાગી. ગુરુદેવ પ.પૂ. બાપજી પણ ધંધુકા ખાતે સત્સંગ કેન્દ્ર માટે જમીન સંપાદન થાય તેવો આગ્રહ જણાવતા અને અંતે વર્ષ ૨૦૧૬ દરમ્યાન મંદિર માટે જમીન સંપાદિત કરવામાં આવી. ગુરુદેવના સંકલ્પને સાકાર સ્વરૂપ આપવા વ્હાલા ગુરુજીએ ધર્મેન્દ્રભાઈને મંદિરનિર્માણની સેવા માટે પ્રેરણા કરી. મહાત્મ્યથી ભરપૂર હૃદયે ‘આ સેવા મારા સુધી હોય જ ક્યાંથી !’ એમ માની ગુરુજીના મુખમાંથી નીકળેલા વચનને ધર્મેન્દ્રભાઈ તથા તેઓના તમામ પરિવારજનોએ અધ્ધરથી ઝીલી લીધું. માત્ર કહેવા ખાતર નહિ પરંતુ જ્યારથી પ્રેરણા મળી

ત્યારથી ધર્મેન્દ્રભાઈ તથા તેમના પરિવારજનોએ આર્થિક સેવાથી લઈ તમામ સેવા ઉપાડી લીધી. મારું ઘર તૈયાર થતું હોય તો હું ધ્યાન આપું પરંતુ આ તો મારા મહારાજનું મંદિર તૈયાર થઈ રહ્યું છે. એવા ભાવથી તમામ એજન્સી સાથે જાતે બેઠક કરી મંદિરનિર્માણની સેવા ઉપાડી લઈ પૂ. સંતોને નિશ્ચિંતપણું અપાવ્યું. ના કોઈ એન્જિનિયર, ના કોઈ સુપરવાઈઝર કે ના કોઈ સ્ટાફ. મારું પોતાનું ઘર તૈયાર થઈ રહ્યું છે એવા પોતીકાપણાના ભાવથી દિવસ-રાત જોડે ઊભા રહી તેઓએ તથા તેમના તમામ પરિવારજનોએ ભેગા મળી આખું મંદિર સ્વખર્ચે ઊભું કર્યું અને અંતે જેની રાહ જોવાતી હતી એ મંગલકારી દિનની ઘડીઓ ગણાવા લાગી. તા. ૧૦-૧૨-૨૦૨૫ ને બુધવારની નવલી પ્રભાતે ધંધુકા ખાતે કારણ સત્સંગના નૂતન કેન્દ્રના ઉદ્ઘાટન ધામધૂમથી શરૂ થયું. સાયંકાળે ૫ વાગ્યે પ્રાણપ્યારા હરિકૃષ્ણ મહારાજ સંગે વ્હાલા ગુરુજીનું આગમન થતાં જ સૌ કોઈ મહાત્મ્યની દુનિયામાં ગરકાવ થયા.

લવિંગિયા ફળી ખાતે ધર્મેન્દ્રભાઈની નવી દુકાને ગુરુજીએ મહાપૂજા વિધિનો લાભ આપ્યા બાદ લવિંગિયા ફળીથી નૂતન સત્સંગ કેન્દ્ર સુધી શોભાયાત્રા રાખવામાં આવી હતી. વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સંગે વ્હાલા ગુરુજી અભયદાન આપતા થકા સત્સંગ કેન્દ્ર પર પધાર્યા. અહીં વ્હાલા ગુરુજીના દિવ્ય હસ્તે તિલક-ચાંદલારૂપી નૂતન સત્સંગ કેન્દ્રનું બોર્ડ અનાવરણ કરવામાં આવ્યું. નૂતન સત્સંગ કેન્દ્રનાં દ્વાર પર કુમકુમ અર્ચન કરી વ્હાલા ગુરુજીએ ધંધુકા ખાતે સૌ મુમુક્ષુ જીવો માટે મૂર્તિસુખનાં દ્વાર ખુલ્લાં કર્યાં. મંદિરગૃહમાં પ્રવેશતાં પૂર્વે રિબન કાપી સૌને મંદિરના મુખ્ય પ્રવેશદ્વાર ખોલીને પ્રવેશ કરાવી સત્સંગ કેન્દ્રને ઉદ્ઘાટિત કર્યું હતું.

ત્યારબાદ વ્હાલા ગુરુજીએ દિવ્ય મહાપૂજા વિધિ કરાવી ઠાકોરજીને ગદ્ગદભાવે પ્રાર્થના કરાવી આનંદોત્સવનો લાભ આપ્યો હતો. પ્રાસંગિક પ્રવચનનો પૂ. મૂર્તિસ્વામીએ લાભ આપ્યા બાદ વ્હાલા ગુરુજીએ દિવ્યવાણી દ્વારા આશીર્વર્ષાનો લાભ આપી સૌ મુક્તોને સુખિયા કર્યા હતા.

પ્રભારી સંત પૂ. નિર્ગુણસ્વામીની રાહબરી હેઠળ પૂ. મૂર્તિસ્વામી, પૂ. આદર્શસ્વામી, પૂ. ત્યાગસ્વામી, પૂ. સર્વસ્વસ્વામી, પૂ. ધર્મભૂષણસ્વામી, પૂ. નમ્રમુનિસ્વામીના માર્ગદર્શનથી સૌ સ્વયંસેવક મુક્તોએ આ સમગ્ર પ્રોગ્રામને દીપાવ્યો હતો. આમ, ધંધુકા શહેરને વિષે કારણ સત્સંગનું નૂતન સદાવ્રત ગુરુજીના હસ્તે ખુલ્લું મૂકવામાં આવ્યું હતું. આ સમગ્ર પ્રોગ્રામનો ૧૭૭૫થી વધુ મુક્તો લાભ લઈ સાક્ષી બન્યા હતા.

**‘ઘનશ્યામ’ એટલે...**

- **શ્રેષ્ઠ સંગ... શ્રેષ્ઠ મિત્ર... શ્રેષ્ઠ માર્ગદર્શક...**
- **જીવનધ્યેયનું સ્પષ્ટીકરણ આપનાર.**
- **શ્રીજીમહારાજના રહસ્યજ્ઞાનનો ખજાનો.**
- **વ્યવહારિક અને આધ્યાત્મિક પ્રશ્નોનો ઉકેલ આપનાર.**
- **દિવ્યજીવનના રાહ પર લઈ જતું, ચલાવતું અને દોડાવતું.**

**ઘનશ્યામ MP3 Audio**
ઘનશ્યામ સામયિકના તમામ લેખો ઓડિયો સ્વરૂપે શ્રવણ કરવા મળશે.
www.smvs.org/Audio

**ઘનશ્યામ PDF**
ઘનશ્યામ સામયિક PDF સ્વરૂપે વાંચવા મળશે.
www.smvs.org/Download

**ઘનશ્યામ Jukebox**
ઘનશ્યામ સામયિકના તમામ લેખો હવે youtube પર માણવા મળશે.
www.youtube.com/smvs

**તો આવો, ઘનશ્યામ સામયિકને વાંચન અને શ્રવણ કરી આપણા આધ્યાત્મિક ક્ષેત્રને નવો આયામ આપીએ...**

ઘનશ્યામ સામયિક MP3 Audio, Jukebox તથા PDF સ્વરૂપે www.smvs.org વેબસાઇટ ઉપર દર માસે વાચકો માટે નિઃશુલ્ક ઉપલબ્ધ છે...

આપ પણ ઘનશ્યામ સામયિક વાંચવા અને સાંભળવા smvs.org વેબસાઇટની મુલાકાત લેશો અને લેવડાવશો...











તા. ૩૦-૧૧-૨૦૨૫ ને રવિવારના રોજ સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર ખાતે ૧૭મા ભૂતપૂર્વ વિદ્યાર્થી સંમેલનની ઉજવણી કરવામાં આવી હતી. સંમેલનના દિનની પૂર્વ સંધ્યાએ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના આગમનથી ગુરુકુલ પરિસર જાણે ફરીથી વર્ષો જૂની સ્મૃતિઓમાં તરબોળ બની ગયું. આગલી રાત્રે પૂ. સંતોના સ્નેહસભર સાંનિધ્યમાં 'ગુરુકુલની સુવાસ' ફરીથી પ્રસરી ગઈ. પૂ. સંતોએ વિદ્યાર્થીઓ સાથે ગુરુકુલ જીવનની યાદો, સંસ્કારની વાતો અને સંસ્થાની અસ્મિતા પર વિશેષ લાભ આપ્યો. આ ઉપરાંત સમૂહ રમતો, હાસ્યરસ અને નિખાલસ મિત્રતાનો માહોલ રાત્રિ દરમ્યાન છવાઈ ગયો. ૩૦ નવેમ્બરની વહેલી સવારે સૌ વિદ્યાર્થીમુક્તો મંગળા આરતી, મંદિર દર્શન અને પીઠિકા દર્શનનો લાભ લઈ સંમેલન માટે તૈયાર થયા. અલ્પાહારનો લાભ લીધા બાદ સંમેલનની શરૂઆત પૂ. પ્રભારી સંતોના વરદ હસ્તે દીપ પ્રાગટ્ય દ્વારા કરવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆતમાં સભામાં બેસતા પૂર્વે સૌ મુક્તો પૂ. સંતોના હસ્તે ચંદન અર્ચન તેમજ હસ્તમાં રક્ષાસૂત્ર બંધાવી દિવ્યભાવના માહોલમાં ગરકાવ બન્યા હતા. આ સંમેલનની મુખ્ય થીમ 'ચેઈન્જ યોર વિઝન' રાખવામાં આવી હતી. આ થીમને કેન્દ્રમાં રાખીને મળેલા મહારાજ અને મોટાપુરુષની અસ્મિતા વિષય પર સંસ્થાના પ્રભારી સંત એવા પૂ. ધર્મસ્વામીએ લાભ આપ્યો હતો. તેમજ પૂ. મૂર્તિસ્વામી, પૂ. આદર્શસ્વામી, પૂ. તેજોમયસ્વામી અને પૂ. પ્રિયવદનસ્વામીએ આધ્યાત્મિક, સામાજિક દૃષ્ટિકોણ બદલવા વિશેષ લાભ આપ્યો હતો. આજના પ્રસંગે વ્હાલા ગુરુજીએ ઑનલાઈન ઉપસ્થિત રહી સૌ મુક્તોને દિવ્ય આશીર્વાદ પાઠવ્યા હતા. પોતાના વ્હાલસોયા ગુરુજીનાં દિવ્ય દર્શન-આશીર્વાદ પામી સૌ વિદ્યાર્થીમુક્તો કૃતાર્થ બન્યા. સાથે સાથે બાલિકા વિભાગમાં પણ આજના દિને એસ.એમ.વી.એસ. સ્વામિનારાયણ ધામ ગર્લ્સ ગુરુકુલની ભૂતપૂર્વ બાલિકાઓએ પૂ. ત્યાગી મહિલામુક્તોના સાંનિધ્યમાં આ સંમેલનનો દિવ્ય લાભ લીધો હતો. સૌ વિદ્યાર્થિનીઓ પોતાના જીવનમાં ગુરુકુલે આપેલી મર્યાદા, નીતિ-નિયમ, આધ્યાત્મિક મૂલ્યો અને જીવન ઘડતરની અનુભૂતિઓ વહેંચી, યાદ કરી કૃતકૃત્ય બન્યાં હતાં.

વ્હાલા ગુરુજીનો માતૃવાત્સલ્ય પ્રેમ, પૂ. સંતોના લાડ અને સંસ્થાની દિવ્ય પરંપરાઓના સ્પર્શથી સૌનાં હૃદય તરબોળ બન્યાં. પ્રોગ્રામના અંતમાં પૂ. સંતોએ દિવ્ય પિરસણ લીલાનો લાભ આપી સૌને કૃપાવંત બનાવ્યા. આમ, આજના દિને ૩૦૦થી વધુ વિદ્યાર્થીઓ તેમજ ૧૫૦થી વધુ વિદ્યાર્થિનીઓએ આ દિવ્ય સંમેલનનો લાભ લઈ અશ્રુભીની આંખે વિદાય લીધી.



**તા. ૧૫-૧૧-૨૫**ના રોજ **વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી**એ પ્રાતઃ સમયે **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** ખાતે સંકલ્પ સભામાં પ્રત્યક્ષ તથા ઑનલાઈન ૨૮,૮૦૨થી વધુ મુમુક્ષુમુક્તોને દિવ્યવાણીનો લાભ આપી મહિમાસભર કર્યા હતા.

**તા. ૧૬-૧૧-૨૫**ના રોજ **વ્હાલા ગુરુજી**એ પ્રાતઃ સમયે **ભૂજ** ખાતે સત્સંગ શિબિરનો લાભ આપી ઉપસ્થિત ભક્તોને અમૃતવાણીનો લાભ આપી અસ્મિતાથી ભર્યા કર્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ **ભૂજ** ખાતે ઉપસ્થિત પ્રેમીજનોને કાયમી સંભારણાંરૂપ સ્મૃતિછબીનો લાભ આપી સુખિયા કર્યા હતા. વળી, આજરોજ **વ્હાલા ગુરુજી**એ રાત્રિ સમયે **ભૂજ** ખાતે હૅપી ફૅમિલિ સભા અંતર્ગત ૧૫૫૦થી વધુ ભાવિક ભક્તોને આત્મીયતાના અદ્‌ભુત પાઠ શીખવ્યા હતા.

**તા. ૧૭-૧૧-૨૫**ના રોજ **વ્હાલા ગુરુજી**એ પ્રાતઃ સમયે **ભૂજ** ખાતે ૯ પધરામણીનો લાભ આપી પ્રેમીભક્તોના મનોરથ પૂર્ણ કર્યા હતા. આજરોજ સંધ્યા સમયે **વ્હાલા ગુરુજી**એ **સેલારી** ખાતે ૪, **રાપર** ખાતે ૧ તેમજ **કલ્યાણપર** ખાતે ૧ પધરામણીનો લાભ આપી ભાવિક ભક્તોના ભાવનો સ્વીકાર કર્યો હતો. વળી, આજરોજ રાત્રિ સમયે **વ્હાલા ગુરુજી**એ **રાપર (ભૂજ)** ખાતે હૅપી ફૅમિલિ સભા અંતર્ગત ૧૮૦૦થી વધુ સ્થાનિક ભક્તોને દિવ્યવાણીનો લાભ આપી આત્મીયતાના ઉપાયોરૂપ અનુપમ શીખ શીખવી હતી.

**તા. ૧૮-૧૧-૨૫**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **મોરબી** ખાતે પ્રાતઃ કાળે ત્યાંના સ્થાનિક અનુયાયી વર્ગને નિકટ દર્શન તથા અંગત લાભ આપી સુખ પ્રદાન કર્યું હતું. આજરોજ **વ્હાલા ગુરુજી**એ **હળવદ** ખાતે પ્રાતઃ સમયે ૧૫ પધરામણીનો લાભ આપી પ્રેમીજનોના સાંસાગોટિલાનો સ્વીકાર કર્યો હતો.

**તા. ૨૧-૧૧-૨૫**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **મુંબઈ (વાસી)** ખાતે ઝોનલ શિબિર ઉપક્રમે ઉપસ્થિત મુક્તોને દિવ્યવાણીનો લાભ આપી મહિમાવંત કર્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ **પુના** ખાતે સંધ્યા સમે ૧ મહાપૂજાનો લાભ આપ્યો હતો ને ત્યારબાદ **પુના** ખાતે જાહેર સભામાં સુધાવાણીનો લાભ આપી શ્રદ્ધાળુ ભક્તોને સુખી જીવનનું દિશાદર્શન કરાવ્યું હતું.

**તા. ૨૨-૧૧-૨૫**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **મુંબઈ (વાસી)** ખાતે પ્રાતઃ સમયે એક પધરામણીનો લાભ આપી પ્રેમીભક્તોને સુખિયા કર્યા હતા. વળી આજરોજ **વ્હાલા ગુરુજી**એ પ્રાતઃ સમયે **મુંબઈ (વાસી)** ખાતે અગ્રેસર મુક્તો તથા આદર્શ પ્રૉજેક્ટના મુક્તોને અંગત લાભ આપી, રાજીપાદર્શનનો લાભ આપી

મહારાજ અને મોટાના રાજીપાના માર્ગમાં આગળ વધવાનું અનેરું બળ પ્રેર્યું હતું. આજરોજ **વ્હાલા ગુરુજી**એ **મુંબઈ (વાસી)** ખાતે સંધ્યા સમયે ચુનંદા મુક્તોને અંગત લાભ આપી સુખિયા કર્યા હતા. વળી, આજરોજ સંધ્યા સમયે **વ્હાલા ગુરુજીએ** ૨ પધરામણીનો લાભ આપી ભક્તજનોના મનોરથ ફળીભૂત કર્યા હતા. વળી, સંધ્યા સમયે જ ત્યાંના સ્થાનિક અનુયાયીઓને સ્મૃતિછબી સેશનનો લાભ આપી અમૂલ્ય સંભારણાં આપ્યાં હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ **મુંબઈ (વાસી)** ખાતે રાત્રિ સમયે હેપી ફેમિલિ સભા ઉપક્રમે રાખેલ જાહેર સભામાં ૧૩૫૦થી વધુ મુક્તોને અનુભવાત્મક દિવ્યવાણીનો લાભ આપી કૃતાર્થ કર્યા હતા. વળી, આજરોજ **વ્હાલા ગુરુજી**એ **મુંબઈ (વાસી)** ખાતે મોડી રાત્રિ સુધી ચુનંદા કિશોરમુક્તોને અંગત લાભ આપી માતૃવાત્સલ્ય પ્રેમથી ભીંજવ્યા હતા.

**તા. ૨૩-૧૧-૨૫**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **મુંબઈ (કાંદિવલી)** ખાતે પ્રાતઃ સમયે ૫ પધરામણીનો લાભ આપી શ્રદ્ધાળુ ભક્તોના કાલાવાલાનો સ્વીકાર કર્યો હતો. વળી, આજરોજ **વ્હાલા ગુરુજી**એ પ્રથમ સેશનમાં **મુંબઈ (કાંદિવલી)** ખાતે અંગત શિબિર દ્વારા ઉપસ્થિત મુક્તોને બળભરી દિવ્યવાણીનો લાભ આપી અસ્મિતાસભર કર્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ **મુંબઈ (કાંદિવલી)** ખાતે સંધ્યા સમયે એક પધરામણીનો લાભ આપી પ્રેમીભક્તોના કાલાવાલાનો સ્વીકાર કર્યો હતો. વળી, સંધ્યા સમયે જ **વ્હાલા ગુરુજી**એ **મુંબઈ (કાંદિવલી)** ખાતે સંસ્થાના ઘરધણી મુક્તોને દર્શન-આશીર્વાદનો લાભ આપી સુખિયા કર્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ **મુંબઈ (કાંદિવલી)** ખાતે રાત્રિ સમયે હેપી ફેમિલિ સભા અંતર્ગત ૧૪૦૦થી વધુ મુક્તોને અનુભવાત્મક દિવ્યવાણીનો લાભ આપી હેપી ફેમિલિ કરવાનાં મૂલ્યો વિષે અનુપમ શીખ શીખવી હતી.

**તા. ૨૬-૧૧-૨૫**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** સ્થિત **SMVS** સ્વામિનારાયણ હૉસ્પિટલ ખાતે સારવાર લઈ રહેલ ભક્તોને દર્શન-આશીર્વાદનો લાભ આપી બળ પ્રદાન કર્યું હતું.

**તા. ૨૮-૧૧-૨૫**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **વાઘોડિયા (બરોડા)** ખાતે જ્ઞાન-ધ્યાન ચિંતનમાં ઉપસ્થિત મુક્તોને મૂર્તિમાં રહેવાના ને દેહભાવ ટાળવાના પાઠ શીખવી સુખિયા કર્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ **અડાજણ (સુરત)** ખાતે મધ્યાહ્ન સમયે ઉપસ્થિત મુક્તોને નિકટ દર્શન-આશીર્વાદનો લાભ આપી સુખિયા કર્યા હતા. વળી, આજરોજ મધ્યાહ્ન સમયે **વ્હાલા ગુરુજી**એ **અડાજણ** તથા **વરાછા** ખાતે પધરામણીનો લાભ આપી પ્રેમાળ ભક્તોને કૃતાર્થ કર્યા હતા.

**તા. ૨૯-૧૧-૨૫**ના રોજ **વ્હાલા ગુરુજી**એ પ્રાતઃ સમયે **પાસોદરા (સુરત)** ખાતે ૨ પધરામણીનો લાભ આપી ભાવિક ભક્તોની ભાવના પૂર્ણ કરી હતી.

**તા. ૩૦-૧૧-૨૫**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **પાસોદરા (સુરત)** ખાતે પ્રાતઃ સમયે ૪ પધરામણીનો લાભ આપી પ્રેમીજનોના સાંસાગોટિલાનો સ્વીકાર કર્યો હતો.

**તા. ૧-૧૨-૨૫**ના રોજ **વ્હાલા ગુરુજી**એ પ્રાતઃ સમયે **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** ખાતે સંકલ્પ સભા ઉપક્રમે ૩૧,૮૦૦થી વધુ આસ્થાવાન ભક્તોને સત્સંગ સરવાણીનો લાભ આપી કૃતાર્થ કર્યા હતા.

**તા. ૪-૧૨-૨૫**ના રોજ **વ્હાલા ગુરુજી**એ પ્રાતઃ સમયે **વાસણા** ખાતે પૂનમ સમૈયામાં પ્રત્યક્ષ તથા ઑનલાઇન લાભ લેનાર ૩૨,૮૫૭થી વધુ અધ્યાત્મ યાત્રીઓને અધ્યાત્મ માર્ગમાં સત્પુરુષની જરૂરિયાત વિષયક હૃદયસ્પર્શી અમૃતવાણીનો લાભ આપ્યો હતો. આજરોજ **વ્હાલા ગુરુજી**એ **વાસણા** ખાતે પધરામણીનો લાભ આપી ભાવિક ભક્તોના ભાવનો સ્વીકાર કર્યો હતો.

**તા. ૬-૧૨-૨૫**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** ખાતે ૨૪મા વાર્ષિક પાટોત્સવ ઉપક્રમે પધારી મહાપ્રભુના પૂજન-અર્ચનરૂપી પ્રેમલક્ષણા ભક્તિનો લાભ આપી ઉપસ્થિત પ્રભુપ્રેમી ભક્તોને દર્શન-આશીર્વાદનો લાભ આપી સુખિયા કર્યા હતા.

**તા. ૭-૧૨-૨૫**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **ગાંધીનગર** ખાતે પ્રેમીભક્તને ત્યાં પધરામણીનો લાભ આપી તેમના મનોરથ ફળીભૂત કર્યા હતા.

**તા. ૯-૧૨-૨૫**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** ખાતે પ્રાતઃ કાળે જ્ઞાન-ધ્યાન ચિંતનમાં ઉપસ્થિત ભક્તિ માર્ગના યાત્રી ભક્તોને સાચા ભક્તિ માર્ગનું દિશાદર્શન કરાવ્યું હતું.

**તા. ૧૫-૧૨-૨૫**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** ખાતે પ્રાતઃ સમયે સંકલ્પ સભા તેમજ ૨૨૫મી સ્વામિનારાયણ મહામંત્ર જયંતી નિમિત્તે ઉપસ્થિત પ્રત્યક્ષ તથા ઑનલાઇન ૨૮,૮૨૨થી વધુ મુમુક્ષુજનોને મહામંત્રના અદ્‌ભુત પ્રતાપ વિષયક લાભ આપી કેફ અને મસ્તીથી ભર્યા કર્યા હતા.

## મૂર્તિસુખે સુખિયા

કારણ સત્સંગના દિવ્ય પરિવારના પરમ કૃપાપાત્ર મુક્તો કે જેઓ શ્રીહરિની ઇચ્છાથી મૂર્તિસુખે સુખિયા થયા છે. તેઓની નામાવલિ અત્રે આલેખેલ છે.

મૂ.નિ. દીપકભાઈ ભલાભાઈ દરજી, ઉંમર વર્ષ-૬૦, ઘાટલોડિયા; તા. ૧૧-૧૧-૨૦૨૫

મૂ.નિ. દિપ્તેસભાઈ ભગવાનભાઈ ગોટી, ઉંમર વર્ષ-૩૮, તુરખા; તા. ૨૦-૧૧-૨૦૨૫

મૂ.નિ. કાંતિભાઈ છગનભાઈ મોચી, ઉંમર વર્ષ-૯૨, વિજાપુર; તા. ૨૧-૧૧-૨૦૨૫

મૂ.નિ. હરખાભાઈ ખેતાભાઈ ચૌધરી, ઉંમર વર્ષ-૬૭, મસાલી (પાટણ); તા. ૨૨-૧૧-૨૦૨૫

મૂ.નિ. હીરાભાઈ સોમનાથ રાવલ, ઉંમર વર્ષ-૮૦, સુરેન્દ્રનગર; તા. ૨૭-૧૧-૨૦૨૫

મૂ.નિ. રમેશભાઈ મૂળજીભાઈ ઠક્કર, ઉંમર વર્ષ-૭૪, ભૂજ; તા. ૨૯-૧૧-૨૦૨૫

મૂ.નિ. દશરથભાઈ ઈશ્વરભાઈ પટેલ, ઉંમર વર્ષ-૬૭, સ્વામિનારાયણ ધામ; તા. ૨-૧૨-૨૦૨૫

મૂ.નિ. અરવિંદભાઈ જીવાભાઈ કોટક, ઉંમર વર્ષ-૭૪, પાલડી; તા. ૫-૧૨-૨૦૨૫

મૂ.નિ. દિનેશભાઈ જેચંદભાઈ નાઈ, ઉંમર વર્ષ-૫૭, સેટેલાઇટ; તા. ૭-૧૨-૨૦૨૫

મૂ.નિ. રતિભાઈ કુબેરદાસ પટેલ, ઉંમર વર્ષ-૯૬, વસ્ત્રાલ; તા. ૯-૧૨-૨૦૨૫

મૂ.નિ. બાલાભાઈ ગોરધનભાઈ પટેલ, ઉંમર વર્ષ-૭૪, મેલાસણા; તા. ૧૧-૧૨-૨૦૨૫

આ મુક્તોએ ઘરધણી થઈ તન, મન અને ધનથી સંસ્થાને વફાદાર રહીને મમત્વભાવે સેવાઓ કરી છે અને ગુરુદેવ પ.પૂ. બાપજી તથા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીનો રાજીપો મેળવેલ છે. શ્રીજીમહારાજ, ગુરુદેવ પ.પૂ. બાપજી તથા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીના ચરણોમાં પ્રાર્થના કે તેમના ચૈતન્યને મૂર્તિના અવિચળ સુખભોક્તા કરે.

મહા ગ્રંથ શિક્ષાપત્રી દ્વિશતાબ્દી ઉત્સવ અંતર્ગત




# મંદિરે મંદિરે દ્વિશતાબ્દી

**૨૩ થી ૨૫**

જાન્યુઆરી, ૨૦૨૬

શુક્રવારથી રવિવાર

દરરોજ રાત્રે ૮:૩૦થી ૧૦:૩૦

રવિવારનો સમય સાંજે ૦૪:૩૦થી ૦૮:૦૦ વાગ્યા સુધીનો રહેશે.

SMVS LIVE ચેનલ પરથી જીવંત પ્રસારણ

સંસ્થાના તમામ સેન્ટરોમાં એકસાથે ઉજવણી કરવામાં આવશે.

# ધબકતી રહે છે જીવનની આશ

## જ્યારે હોય છે SMVS સ્વામિનારાયણ હૉસ્પિટલનો સાથ



**18 વર્ષના યુવકનો ગંભીર અકસ્માત થયો હતો, જેમાં તેની શ્વાસનળીની નીચેનો 4 સે.મી.નો ભાગ ફાટી ગયો હતો અને જમણી તરફનું ફેફસું છૂટું પડી ગયું હતું અને મગજમાં પણ ગંભીર ઇજાઓ પહોંચી હતી.**

આવી ક્રિટિકલ સિચ્યુએશનમાં નિષ્ણાત CVTS **ડૉ. તુષાર શર્મા અને તેમની અનુભવી ટીમે ઑક્સિજન મેઇન્ટેઇન રાખીને દર્દીનું સફળતાપૂર્વક ઑપરેશન કર્યું.** શ્વાસનળી રિપેર કરીને ફેફસાંને ફરીથી જોડ્યું. **દર્દીને મગજની પણ ગંભીર ઇજા હતી, જેથી ન્યુરો સર્જન ડૉ. કેતન પટેલે પણ સફળતાપૂર્વક ન્યુરો સર્જરી કરી હતી.**

આમ, મલ્ટિ સુપર સ્પેશિયાલિસ્ટ ડૉક્ટરોની ટીમના અથાક પરિશ્રમના પરિણામે જીવનની આશા ફરી જીવંત થઇ અને દર્દી સંપૂર્ણ સ્વસ્થ થયો.



**હૃદયની ગંભીર બીમારી સાથે આવેલા દર્દી મહેશભાઇને કાર્ડિયાક અરેસ્ટ આવ્યો હતો, જેમાં તેમના જીવવાની આશા એકદમ નહિવત્ હતી.**

SMVS સ્વામિનારાયણ હૉસ્પિટલના નિષ્ણાત ડૉક્ટર અને તેમની અનુભવી ટીમે હાર ન માની. **દર્દીને 40થી 50 મિનિટ સુધી CPR આપવામાં આવ્યું તથા કાર્ડિયાક પમ્પિંગ કરવામાં આવ્યું.**

આખરે મહેશભાઈનું **હૃદય ફરીથી ધબક્યું** અને 14 દિવસની સારવાર બાદ તેઓ સંપૂર્ણ રીતે સ્વસ્થ થઇને ઘરે ગયા.

**એટલે જ કહેવાય છે, ઇમર્જન્સી કોઈ પણ હોય, SMVS 24x7 તૈયાર હોય.**


SMVS SWAMINARAYAN HOSPITAL

Emergency Help Line : 73 73 73 39 04 / 05 I www.smvshospital.com

**SMVS સ્વામિનારાયણ હૉસ્પિટલ**

SMVS સ્વામિનારાયણ હૉસ્પિટલ રોડ, સ્વામિનારાયણ ધામની બાજુમાં, કોબા-ગાંધીનગર હાઇવે, ગાંધીનગર - 382 007.

**વધુ માહિતી માટે કૉલ કરો : 63 59 77 07 25**

info@smvshospital.com

Follow us :













## વ્હાલા ગુરુજીનું દિવ્ય સત્સંગ વિચરણ













(૧-૪) નવી મુંબઈ તેમજ કાંદિવલી ખાતે અનુક્રમે સત્સંગ શિબિર, જાહેર સભા તેમજ પધરામણીમાં લાભ (૫-૮) સુરત ઝોનમાં અડાજણ, વરાછા તેમજ પાસોદરા પાટિયા ખાતે પધરામણી તેમજ અંગત સભામાં લાભ

Ghanshyam, January-2026 Published on 10-01-2026. Post at SRO Gandhinagar. 10th to 13th on Every Month. Licenced to Post without prepayment No. PMG/NG/060/2024-26, Valid up to 31-12-2026. Regd No. G-GNR-315/ 2024-26, Extended up to 31-12-2026. RNI No. 33267/78.

Printed Sadhu Purnaswarupdas, Published by Sadhu Bhaktvatsaldas on Swaminarayan Mandir Vasna Sanstha (SMVS) and at Vibrant Image Basement, Hi-Tech Complex, Paldi, Ahmedabad 380007 and Published at Swaminarayan Dham, Koba-Gandhinagar Highway, Gandhinagar-7. Editor-Narendrabhai R. Trivedi.













(૧-૨) વાસણા ખાતે પધરામણી તેમજ નૂતન ‘ભક્તિ’ ઉપહાર એકમ ઉદ્‌ઘાટનમાં લાભ (૩-૪) સ્વામિનારાયણ ધામ ખાતે ૨૪મા વાર્ષિક પાટોત્સવ પ્રસંગે તેમજ પધરામણીમાં લાભ આપતા વ્હાલા ગુરુજી




ગૌસેવા ઉપક્રમે કાર્યરત

SMVS સ્વામિનારાયણ ગીર ગૌશાળા

The Gir cow farm

SMVS

Swaminarayan Gir Gaushala

: દાન-સેવાની વિગત :

એક ગાયના ઘાસચારાની તથા દાણની સેવા........... ₹ ૨૫૦૦/-

કુલ ગાયોના ઘાસચારાની સેવા........................ ₹ ૨૫૦૦૦/-

કુલ ગાયોના ખોળદાણની સેવા........................ ₹ ૩૫૦૦૦/-

એક ગૌદાનની સેવા.............................. ₹ ૫૧૦૦૦/-



ગૌસેવા કરવા માટે સંપર્ક કરો.

ગૌસેવાનો અણમોલ લાભ લઈએ...

+91 98795 11550, +91 87329 91202 | for more details visit - www.smvs.org